વર્ષ 3 k સળંગ અંક ૩૯ k ડીસેમ્બર, ૨૦૦૯ k પાના : ૧૬ k k k Regd. No. MH/MR/South-135 2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379

પ્રમુખ સ્થાનેથી.....

સ્નેહી સ્વજન, જય જિનેન્દ્ર !

**“પરાગ જો અંતરમાં હશે તો પાંગરીને કદી પુષ્પ ખીલશે,
મનોરથો સ્વપ્ન મહી હશે તો, સિધ્ધિ રૂપે કાર્ય વિષે જન્મશે !”**

દીપકની જયોતિ સદૈવ ઉર્ધ્વગામી છે. એક પ્રજ્વલિત દીપક સેંકડો દીપક પ્રગટાવવાની ક્ષમતા ધરાવે છે છતાં તેનો પોતાનો પ્રકાશ ઝંખવાયા વગર તેજના પૂંજ પથરાય છે અને માટે જ કદાચ જીવનની પ્રત્યેક ક્ષણ ચિરંતન અને સનાતન છે. તમારી શ્રધ્ધાનો દીપ અને દાનગંગાનો પ્રવાહ સતત ઝળહળતો અને અવિરત વહેતો રહેશે તો બીજાઓ તેનાથી પોતાનો દીપ પ્રગટાવી જીવન ઉજાગર કરવાના પ્રયત્નો કરશે. દાનગંગાનો પ્રવાહ તો અમીનુ અસ્ખલિત વહેતું ઝરણું છે. નાનકડો એવો એક કટોરો સમાજના સ્નેહ સિંચન માટે કે આંસુ લુછવા માટે વાપરી ન શકીએ ?

દીર્ઘદષ્ટિ ભર્યું ઉદારતાપૂર્વકનું દાન સમાજને પ્રભાવિત, પ્રકાશિત અને વિકસિત કરે છે. આવો ઉત્કૃષ્ટ પ્રયાસ માનવીને જીવમાંથી શિવ બનાવે છે. અને દર્શન કે ચિંતન ભરી પ્રત્યેક પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરે છે. જેના પ્રત્યેક કદમ સ્વીકાર્ય અને આવકાર્ય બની રહે છે. જયારે આપ મહાનુભવોને આવ્હાન છે કે આવો મિત્રો આપના ઉમદા વિચારો જીવનના પ્રવાહમાં ક્ષુલ્લક બની જાય તે પહેલાં તેને યોગ્ય સન્માન આપી કૃતાર્થ થઈએ.

**“જો આંસુ સારો તો કોઈ જખ્મ પર સારો
કે શોભા એ જ ઝાંકળની કે ફૂલો ઉપર વરસે !”**

સમાજ વિકાસ, કેળવણી, વિકલાંગ ઉત્કર્ષ, દવા રાહત જેવી સતત અને અવિરત પ્રવૃત્તિથી આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ ધમધમી રહી છે. ભણતરની ભવ્યતા અને બદલાતા સમયના સમીકરણો સાથે આર્થિક કટોકટીથી આપણે સૌ પરિચિત છીએ. આપ સૌના સમર્થ સહકાર થકી આવતી જાગૃતિના અવનવા અધ્યાયને આમંત્રણ આપ્યુ છે અને થોડે ઘણે અંશે સફળતા પણ સાંપડી રહી છે. વ્યકિતગત સંપર્ક સેતુના અથાગ પ્રયત્નો આદર્યા છે, જરૂરત છે આપના ભાવ અને પ્રતિભાવ સાથેના સહયોગની !

મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા હાલમાં ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલી રહેલ છે, જેમાં સમાજની ચાર ટીમો જોડાયેલ છે. આ ઉપરાંત રવિવાર, તા.૧૦-૦૧-૨૦૧૦ ના મફતલાલ બાથ ખાતે બપોરના સમયે સ્વીમીંગ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલ છે. સાથોસાથ પ્રથમ વખત જ સમાજના દરેકે દરેક ઉંમરના ભાઈ-બહેનો ભાગ લઈ શકે તેવા શુભ આશયથી રવિવાર, તા.૧૭-૦૧-૨૦૧૦ ના દિને યુનિવર્સિટી પેવેલીયન ગ્રાઉન્ડ, મરીન ડ્રાઈવ ખાતે એથ્લેટીક સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં વધુને વધુ સંખ્યામાં સભ્યો ભાગ લે તેવો અનુરોધ કરૂ છું.

મંડળની મેડીકલ સમિતિ દ્વારા રવિવાર, તા.૧૦-૦૧-૨૦૧૦ ના સવારે ૧૦.૦૦ કલાકે મેડીકલ સેમીનારનુ આયોજન મંડળના મરીન ડ્રાઈવ ખાતેના સભાગૃહ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં **ડૉ.અરૂણભાઈ મુલ્લા** ઉપસ્થિત રહી આર્થરાઈટીસ વિશે વિસ્તારપૂર્વક સમજણ આપશે તથા તેનાથી બચવાના ઉપાયો સમજાવશે. સમાજના જયેષ્ઠ નાગરીકોની ખાસ હાજરી આવકાર્ય છે.

મંડળની શિક્ષણ સમિતિ દ્વારા શનિવાર, તા.૩૦-૦૧-૨૦૧૦ ના સાંજના મંડળના મરીન ડ્રાઈવ ખાતેના સભાગૃહમાં શૈક્ષણિક સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મે.રીલાયન્સ કેપીટલ એસેટ મેનેજમેન્ટના ફંડ મેનેજર **શ્રી સુનિલ સિંહા** પધારી ઇનવેસ્ટમેન્ટ અને સ્ટોક મારકેટ વિશેની આપણી સમજમાં વધારો કરી શકાય તેવી જવલ્લે જ પ્રાપ્ત થતી તકોને પારખવા અંગે સચોટ માર્ગદર્શન પીરસશે.

આપ સૌને વિદિત છે કે શતાબ્દિને ઉંબરે ઉભેલ આપણી સંસ્થાએ ચાલુ કરેલ દરિયાવદિલ દાતાઓનો અને સમાજ વિકાસ ફંડને સતત સકારાત્મક સહકાર સાંપડી રહ્યો છે. આ

યોજના અંતર્ગત લખિયાર વાડાવાળા **શ્રીમતી હંસાબેન તથા ડૉ. મનહરભાઈએ** રૂા. પાંચ લાખની સખાવત જાહેર કરી છે. તેજ પ્રમાણે કેન્સર મેડિકલ રીલીફ સ્કીમના સહયોગીદાતા તરીકે કોકાનાપાડાના **સર્વશ્રી કિર્તીભાઈ સોમચંદ શાહે** રૂા. અગીયારલાખની સખાવત જાહેર કરેલ છે. સમાજની ઉન્નતિ અને ઉત્થાન માટેના સર્વોન્મુખી યોગદાન બદલ આભાર અને આનંદની લાગણી વ્યક્ત કરૂં છું.

ભાવનગર જિલ્લાની આસપાસ રહેતા શારીરિક ખોડખાંપણવાળા બાળકો માટે પાલીતાણા ખાતે તા.૨૩-૧૨-૨૦૦૯ થી તા.૯-૧-૨૦૧૦ દરમ્યાન ભવ્ય મેડીકલ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે, જેમાં લગભગ ૨૫૦૦૦ બાળકોને કાનના મશીન, જયપુર ફુટ, વ્હીલ ચેર, કાંખ ઘોડી, ટ્રાયસીકલ તથા પોલીયો કેલીપર્સનું વિતરણ કરવામાં આવશે. આ ભવ્ય આયોજનમાં જુદી જુદી જૈન સંસ્થાઓની સાથોસાથ **શ્રી પાટણ જૈન મંડળ** પણ સહભાગી થયેલ છે, તે જણાવતા આનંદની લાગણી અનુભવુ છું.

શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શ્રીમતી હીરાલક્ષ્મી પુનમચંદ કોટાવાલા જૈન ભોજનશાળા, પાટણનુ નૂતનીકરણ કરાવવામાં આવેલ છે, તેમજ આધુનિક સાધનો વસાવવામાં આવેલ છે, જેનો ઉદ્‌ઘાટન સમારોહ રવિવાર, તા.૨૭-૧૨-૨૦૦૯ ના દિને યોજાયેલ છે. મજકુર નૂતનીકરણ અંગેનો સઘળો ખર્ચનો લાભ કુંભારીયા પાડાના **શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ** પરિવાર તથા ચિતારાની ખડકીના **શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ** પરિવારે લીધેલ છે, તેની અનુમોદના કરતા અત્યંત હર્ષની લાગણી પ્રદર્શિત કરી.

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તથા દાતા શ્રી રવીન્દ્રભાઈ મોહનલાલ શાહ (ખજુરીનો પાડો)નું તા.૭-૧૨-૨૦૦૯ ના દિને ૮૬ વર્ષની જૈફ વયે આકસ્મિક અવસાન થતાં અત્યંત દુઃખની લાગણી અનુભવું છું.

શ્રી રવીન્દ્રભાઈની શ્રી પાટણ જૈન મંડળ, શ્રી પાટણ પાંજરાપોળ, શ્રી પાટણ જૈન ભોજનશાળા, શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ તથા અન્ય સંસ્થાઓ સાથેની કર્તવ્ય નિષ્ઠા ખરેખર અનુમોદનીય છે. તેમણે દરેક સંસ્થાઓને આપેલ તન-મન-ધનની સેવાઓ અવિસ્મરણીય બની રહેશે.

ઉંમરના બંધન તેઓશ્રીને કયારેય નડયા નથી. તેમના જીવનમાં કર્મની સાથોસાથ ધર્મ પણ નસે નસમાં વહેતો હતો.

પરમાત્મા સદ્‌ગતશ્રીને પરમશાંતિ અર્પો એજ અભ્યર્થના.

મિત્રો, પ્રતિબિંબનો આ અંક આપણા હાથમાં આવશે ત્યારે, ૨૦૦૯ નું ભય, ભ્રષ્ટાચાર અને સમસ્યાઓથી ઓળઘોળ વર્ષની સંધ્યા ઉગી ચુકી હશે. સ્વ અને સમાજ માટેના ઉત્કર્ષના નવા અભિગમ સાથે વર્ષ ૨૦૧૦ ના સુવર્ણપ્રભાત ના પ્રથમ કિરણને ખંત, ખેલદીલી અને ખિલખિલાટ હાસ્ય, આશા, પ્રેરણા, પુરુષાર્થ અને પ્રારબ્ધ સાથે આવકિરીએ.

શુભમ્ ભવતુ !

❑ **પ્રમુખ શ્રી પાટણ જૈન મંડળ**

*ONLINE VASTIPATRAK FORM AVAILABLE ON*
**visit : www.patanmandal.org**

## સ્મૃતિ શ્રધ્ધાંજલિ સુમન

શ્રી પાટણ જૈન મંડળની વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિ સાથે સાંગોપાંગ સંકળાયેલા સર્વ શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ (દેવડાવાળા)નું ૮૦ વર્ષની જૈફ વયે તા.૩૧-૧૨-૨૦૦૨ ના રોજ અવસાન થયું. ઉત્કૃષ્ટ અને મૌલિક વિચારધારા ધરાવતા માનવતાવાદી સહૃદયી સ્વજનની ખોટ આજે પણ આપણે સતત અનુભવીએ છીએ.

સ્વ.શ્રી મહાસુખભાઈ સંસ્થા સાથે લગભગ ૩૩ વર્ષો સુધી સતત સંકળાયેલા હતા. શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલય પાટણ તથા છાત્રાલયની કાર્યવાહક સમિતિમાં ૧૯ વર્ષ સુધી માનદમંત્રી રહી બન્ને સંસ્થાના સર્વાંગી વિકાસ માટે અનન્ય અને ઉલ્લેખનીય ફાળો તેમણે આપ્યોહતો. સંસ્થાના મુખપત્ર પાટણ પ્રતિબિંબ સંપાદક સમિતિમાં ૧૮ વર્ષ સુધી સક્રિય રહી તથા સંકલન સમિતિમાં ૯ વર્ષ સુધી રહી પોતાના દીર્ઘદૃષ્ટિયુકત મૌલિક વિચારો ધરાવતા વિવિધ લખાણો દ્વારા સમાજને નવી દિશા બક્ષવામાં સફળ રહ્યા હતા. સાથોસાથ અનેક વખત શ્રેષ્ઠ કૃતિના પારિતોષિક વિજેતા પણ બન્યા હતા.

મેડીકલ તથા શિક્ષણ સમિતિમાં ૬ વર્ષ સુધી સંનિષ્ઠ સેવા આપી હતી.

પ્રતિબધ્ધ, લયબધ્ધ અને સાત્વિક જીવન શૈલી ધરાવતા પૂજય વડીલ શ્રી મહાસુખભાઈએ જીવનભર સંબંધો વિકસાવ્યા, સિંચ્યા અને સાચવ્યા. સદ્‌ગતશ્રીની સ્મૃતિમાં તેમના સુપુત્ર ચિ.ઉમેશભાઈએ શિક્ષણ તથા મેડીકલ સહાય ફંડ ખાતે રૂા.૫૧,૧૦૨/- સંસ્થાને સમર્પિત કરેલ.

મૌલિક વિચારધારા, વાત્સલ્ય પૂર્ણ વ્યવહાર, કાર્યોની સુઝ, સ્વીકૃત જવાબદારી થકી પૂજય શ્રીએ જીવનમાં સુધારસને ખોબલે ખોબલે વેર્યો હતો. વ્યવહાર કુશળતા, મિલનસાર સ્વભાવ અને કર્તવ્ય પરાયણતા જેવા અદ્‌ભુત અને ઉમદા ગુણોને કારણે સહકાર્યકરોમાં તેઓ સદૈવ આદર પાત્ર રહ્યા હતા. સદા અગ્રેસર ઝીંદાદીલ એવા આ વ્યકિતવિશેષે જીવનને ધૂપસળીની જેમ મહેકાવ્યું અને કુટુંબનો વડલો વિસ્તાર્યો. જીવનની સરગમ સમજાવતી, તેમની વાણી શીલમાંથી પ્રગટેલ શૈલી હતી. સર્જાતી સમસ્યાઓમાં સદૈવ સહાયભુત શ્રી મહાસુખભાઈમાં સાત્વિક અને ધાર્મિક વિચારોનો સ્ત્રોત તથા જ્ઞાન પ્રભાવનાનો અનુભવ અજોડ, વ્યાપક અને વિરાટ હતો.

સંસ્થાની પ્રગતિના પ્રેરક અને પાર્થસારથિ શ્રી મહાસુખભાઈની સેવાને બિરદાવી આપણે સ્મૃતિ શ્રધ્ધાંજલિના સુમન સમર્પિત કરીએ છીએ.

❑ **સંપાદક સમિતી**


**VACANCY**

**REQUIRED** young Experienced/Fresh Teachers with ECC ED for Pre-school and Activity Centre at Bhayandar East Also required young and Enthusiastic Female Centre Head Administrative Assistant, Co-ordinators Teachers for Skating, Vocal Tablas, Keyboard, Sanskrit, Chess, Drama, Pottery and Gymnastics

**Walk in Interview 5 to 7pm**

Blackie House, 103, W. H. Marg, Opp. GPO, Mumbai -01
mail your Resume at : **sales@steelitergroup.com** જા x ખ

સંપાદકીય.....

# સમય મારાં હાથમાં

પ્રત્યેક પ્રભાતે હજારો કિરણોને પાથરતો સૂર્ય એક દિવ્યસંદેશ લઈને આવે છે પોતાના કિરણો દ્વારા પ્રકાશ શક્તિને ધરાતલ પર ઠાલવતો સૂર્ય કોઈ એવી આશા સેવે છે કે મારી માફક જ માનવી જાગી જાય. તૈયાર થઈ જાય, સજ્જ બની જાય. પરંતુ આમ બને છે ખરું ?

વાચક મિત્રોના હાથમાં આ અંક આવશે એના પછી માત્ર ગણતરીના દિવસોમાં જ ૨૦૦૯ નું વર્ષ વિદાય લઈ લેશે. અને ૨૦૧૦ નું નવું વર્ષ આવકાર મેળવવાની પ્રતીક્ષામાં તૈયાર હશે. સમયની રફતાર કેટલી ઝડપથી ચાલી રહી છે. તેનો અંદાજ આપણને નથી. ૨૦૦૯ નાં વર્ષમાં ઘણાં ઘણાં નવા કામ કરવાના મનોરથ સેવ્યાં હતાં અને કેટલાક આદરેલા કામો પૂરાં કરવાના સંકલ્પો કર્યા હતા. તેમ છતાં ધારેલું પરિણામ મળ્યું નહી. અને અધૂરપનો વિષાદ મનને દોરી વળ્યો. ફરી એકવાર નવી આશા જાગી કે આવનારાં આ નવા વર્ષમાં તો ગમે તેમ કરીને પણ અધૂરાં કામ પૂરાં કરી જ લેવા છે પછી જ નવા કામ તરફ ધ્યાન આપીશું. માણસ પોતાના અભિમાનમાં એમ વિચારે છે કે સમયને બદલી નાખીશ. પરંતુ વરસોના ઉધામા કર્યા પછી ખ્યાલ આવે છે કે સમયને નહીં પણ માણસે પોતાને જ બદલાઈ જવાનો સમય આવી ગયો છે.

**જિંદગીની ક્ષણોનો મહિમા સમજવા જેવો છે** આજે આપણે સમયને જાણીએ છીએ પણ એ સમયને યોગ્ય રીતે વાપરી શકતા નથી. આમ **સમયના હિંચકા પર બેઠાં બેઠાં દરેક માણસ ઝોલાં ખાય છે.** એક જમાનામાં ઘડિયાળ ન હતી તેમ છતાં લોકોનું જીવન વ્યવસ્થિત ચાલતું હતું. હવે તો આપણી આસપાસ ચારેકોર ઘડિયાળ જ ઘડિયાળ છે મોબાઈલમાં ઘડિયાળ છે અને એલાર્મ પણ છે. છતાં જીવન અસ્તવ્યસ્ત છે. સૂવાના સમયે ભોજન કરીએ છીએ, અને ભોજન કરવાના સમયે ઊંઘતા હોઈએ છીએ. આ પરિસ્થિતીના નિવારણ માટે વ્યક્તિએ સમયનો મહિમા સમજીને પોતાનું ઘડતર કરવું જોઈએ.

સમય નવા સ્વરૂપે પોતાના હાથમાં પાછો આવી રહ્યો છે. એ સમયને પકડી લેવાની તાલાવેલી મનમાં થાય છે પરંતુ આપણે ક્યારેય એમ વિચાર્યુ છે ખરૂં ? કે **સમય તો એક સરી જતી રેતી જેવો છે. સરકતાં પારાં જેવો છે.** તે ક્યાંરેય પણ આપણાં હાથમાં તો આવતો નથી પણ આપણાં **હાથમાં જ તાળી મારીને જતો રહે છે** તેથી જ તો કહેવાય છે કે **''વીતી ગયેલો સમય અને વીતી ગયેલી તક કદી પણ પાછાં આવતા જ નથી.''** માત્ર આપણાં મનોમસ્તિષ્કમાં સ્મૃતિઓ મૂકીને જાય છે. સમય સોના કરતાં પણ મોંઘો છે. **પ્રિયકાંત પરીખે** લાલબત્તી બતાવતા કહ્યું છે કે; **''ભાઈ ! તને આ સમયરૂપી સોનું મળ્યું છે, તે એનું મૂલ્ય કેમ ન જાણ્યું ? મન ફાવે તેમ શા માટે વ્યર્થ કામમાં વેડફી નાખ્યું ? તો પ્રભુ મહાવીરે ગૌતમ ગણધરને વારંવાર કહ્યું કે; સમય ગોપમ મા પમાયશો''** આ સમય માત્ર ત્રણ અક્ષરોના શબ્દ નથી એને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે. **સમય એટલે માત્ર તીથી, વાર કે દિવસો, ક્લાકો, મહિનાઓમાં સમાઈ જાય તેવી કોઈ વસ્તુ નથી. રાજાબાઈ ટાવરના ડંકામા એ કેદ કરાયેલો નથી,** દિવાલ પરની ઘડિયાળમાં કે આપણા હાથ પરની બંધાતી ઘડિયાળોમાં પણ સમય કેદ નથી. તેનું મૂલ્ય અનેકગણું છે જે સમય છે તેને માટે જ મૂલ્યવાન બની જાય છે. આળસુ અને પ્રમાદી માણસો માટે સમયની કોઈ કિંમત નથી જે માનવી સમયને અનેકરૂપમાં ઓળખી શકે છે તેનો સાદ સાંભળી શકે છે તેન સાચવી જાણે છે, તેની સાથે દોસ્તી કરી લે છે અને એવા જ માણસો જીવનમાં સફળતા મેળવી શકે છે.

આ વિશ્વમાં અનેકાનેક ભાગ્યના સૃષ્ટાઓ થઈ ગયા છે. જેઓ સમયને પોતાના હાથમાં રાખી શકવાની કલાને જાણતાં હતા. **'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ કર'** આ ઉક્તિને સતત યાદ રાખવાની છે. રોજબેરોજ પરિવર્તનની આ દુનિયામાં સમયની સાથે સુસંગત તાલ મેળવવો હવે અનિવાર્ય બની ગયું છે. Go Slow ની ગતી પરવડે તેમ નથી. આ પૃથ્વી પરનાં તમામ તત્વો માટે સમય સરખો જ છે. પ્રકૃતિનાં દરેકે દરેક તત્વો સમયની નક્કી કરેલી સીમામાં ચાલે છે. ઋતુઓ સમયની પાબંદ છે. સમુદ્રની ભરતી-ઓટ સમયની સાથે એક ઘડીની પણ છૂટ લઈ શકતા નથી.

સૂર્ય-ચંદ્ર સમયના પહેરેગીર છે પ્રકૃતિ પોતાનો વિશાળ ચરખો પળપળના હિસાબ-કિતાબથી માંડીને બરાબર વ્યવસ્થિત ચલાવે છે. પરંતુ માનવી એક જ એવો છે કે એ સમયની સાથે ચાલી શકતો નથી. પ્રકૃતિનાં તત્વોને સમયની ચિંતા કરવી નથી પડતી જ્યારે માનવી માત્ર નાનો હોય કે મોટો બધાને સમયની ચિંતા સતાવે છે. ''મારી પાસે સમય કયાં છે ? મને સમય મળતો જ નથી.'' વિ. વિ. પ્રશ્નો હંમેશા તેની પાસે જ રહે છે અને કદાચ આ કારણથી જ માનવી પોતાની જાતને અસુરક્ષિત માને છે. એક ભય તેને સતાવતો રહે છે. ''હવે મારૂં શું થશે ? મારી આવતીકાલ કેવી હશે ?'' આવો અજંપો રહયા કરે છે. આમ માનવીના જીવનમાં સારી-નરસી ઘટનાઓનો સરવાળો - બાદબાકી થતા જ રહે છે. સમય માનવીનાં કાનમાં સતત કહે છે કે; ''હું તો પળેપળ તારી સાથે છું. તારી પાસે જ આવીને ઉભો રહુ છું, તને જગાડું છું, પણ તું જ ન જાગે તો હું શું કરું ?'' અને જતાં જતાં તારા દરવાજે ટકોરા મારીને હું પસાર થઈ જાઉ છું. અને આપણે સૌ ફરીથી પાછાં એ જ સમયની પ્રતિક્ષા કરતાં રહીએ છીએ. નૂતન વર્ષની એક નવી કિતાબના કોરા પાનાં લઈને સમય આપણી પાસે આવી રહ્યો છે. ત્યારે આ સમયની સાથે રહીને આપણાં જીવનની કિતાબનાં, માનવસેવાના સત્કાર્યો આલેખીએ પ્રગતિના રાજપથ પર સમયની સાથે શાનદાર કદમથી ચાલીએ, શાનદાર રીતે જીવનમંગલની સાફલ્યતાને પામી આપણે સ્વનાં રાજા બનીએ. તેવી શુભકામના ..........

સમય = WATCH

*WATCH your Wishes, WATCH your Actions*
*WATCH your Thoughts*
*WATCH your Character, WATCH your Health*

***Wish You All Happy New Year.***

**શ્રીમતી ભારતી ભગુભાઈ શાહ**
**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**
❑ **માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

*GUIDELINES FOR HELP IN*
*EDUCATION, MEDICAL AND SAMAJ UTKARSH*
**visit : www.patanmandal.org**

# સિધ્ધાચલ છ'રી પાલિત સંઘ અહેવાલ

✦ મલ્લાતના પાડાના શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ પરિવાર દ્વારા તા.૨-૧૨-૨૦૦૯ થી તા.૫-૧૨-૨૦૦૯ દરમ્યાન ગિરિરાજની પ્રદક્ષિણા આપવા પૂર્વકનો છ'રિ પાલિત સંઘનું આયોજન કરવામાં આવેલ, જેમાં લગભગ ૭૦ સાધુ-સાધ્વી ભગવંતો તથા ૧૫૦ ભાઈ-બહેનો જોડાયેલ.

તા.૧-૧૨-૨૦૦૯ ના પાલીતાણા શહેરમાં પ્રવેશ હતો અને શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી તરફથી સંઘવી પરિવારનું અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ બેન્ડ વાજા તથા હાથી-ઘોડા સાથે વાજતે ગાજતે શોભાયાત્રા તળેટી પધારેલ અને જયાં તળેટીને વધાવવાનો કાર્યક્રમ ઉત્સાહભેર પૂર્ણ થયો. શોભાયાત્રા દરમ્યાન શ્રીમતી ચંદ્રાબેન કીર્તિલાલ શાહ તથા શ્રી દિપ્તીબેન કીર્તિલાલ શાહ દ્વારા વર્ષીદાન કરવામાં આવ્યું.

તા.૬-૧૨-૨૦૦૯ ના સિધ્ધગિરિ ખાતે દાદા આદેશ્વરના શિખરે ધજા લહેરાવવામાં આવેલ તેમજ શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી પરિવાર તથા બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરી પરિવારના વરદહસ્તે બન્ને દાતાઓએ તીર્થમાળ પહેરાવવામાં આવેલ.

છ'રિપાલીત સંઘ દરમ્યાન નિત્ય સવાર-સાંજ પ્રતિક્રમણ, વ્યાખ્યાન, પ્રશ્નોત્તરી, ભાવના તથા સંધ્યા સમયે સંગીત સાથે ગિરિરાજ વધાવો કાર્યક્રમમાં સર્વે યાત્રિકો ઉત્સાહભેર જોડાયેલ.

✦ ખજુરીના પાડાના શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ પરિવાર દ્વારા તા.૨-૧૨-૨૦૦૯ થી તા.૫-૧૨-૨૦૦૯ દરમ્યાન તળાજાથી સિધ્ધાચલ છ'રિ પાલિત સંઘનુ આયોજન કરવામાં આવેલ, જેમાં પૂ.સાધુ ભગવંત સહિત લગભગ ૧૩૦ ભાઈ-બહેનો જોડાયેલ. છ'રિ પાલિત સંઘમાં સૌ પ્રથમ તળાજાથી થાડજ, શેત્રુંજય ડેમ તથા પાલીતાણા વિહારનો કાર્યક્રમ રહેલ. તા.૫-૧૨-૨૦૦૯ ના પાલીતાણા ખાતે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા સંઘવી પરિવારનું અભિવાદન કરવામાં આવેલ ત્યારબાદ બેન્ડવાજા તથા ઘોડાગાડીઓ સાથે વાજતે ગાજતે શોભાયાત્રામાં તળેટી પધારેલ અને પૂ.સાધુ ભગવંતો સાથે જયતળેટીને વધાવવામાં આવેલ.

તા.૬-૧૨-૨૦૦૯ ના સિધ્ધગિરિ ખાતે દાદા આદેશ્વરના શિખરે ધજા લહેરાવવામાં આવેલ તેમજ શ્રી નિખીલભાઈ, શ્રી યોગેશભાઈ તથા શ્રી દર્શનભાઈ દ્વારા પિતાશ્રીને તીર્થમાળા પહેરાવવામાં આવેલ.

છ'રિ પાલીત સંઘ દરમ્યાન નિત્ય સવારે - સાંજે પ્રતિક્રમણ, શાંતીસ્નાત્ર, બપોરે વ્યાખ્યાન, રાત્રે ભાવનામાં સર્વે યાત્રિકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

સંઘના આયોજક શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહનું યાત્રિકો દ્વારા શ્રીફળ-શાલ તથા રજત સ્મૃતિચંદ્રક એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

ઉપરોક્ત બંને છ'રિપાલીત સંઘમાં બહુધા ભાઈ-બહેનોએ છ'રિનું ચુસ્ત પાલન કરેલ તે અનુમોદનીય છે.

આ ઉપરાંત વડોદરાથી સિધ્ધાચલ ખાતેનો તા.૧૬-૧૧-૨૦૦૯ થી તા.૫-૧૨-૨૦૦૯ ના સંઘે પાલીતાણા ખાતે પ્રવેશ કરેલ અને સંઘવી પરિવારોના શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા અભિવાદન કરવામાં આવેલ.

મજકુર છ'રી પાલિત સંઘમાં અન્ય સંઘ પતીઓ સાથે આપણા સમાજના મલ્લાતના પાડાના શ્રી અરવિંદભાઈ ગીરધરલાલ શાહ તથા મણીયાતીપાડાના શ્રી મહેન્દ્રભાઈ સાકરચંદ જૈન પરિવાર દ્વારા લાભ લેવાયેલ.

## શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

**C/o ચંપકલાલ કેશવલાલ શાહ, રબી મેકર એપાર્ટમેન્ટ, વાલકેશ્વર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૬. ફો: ૨૩૬૯૧૧૦૩**

*આગામી શ્રુતજ્ઞાન કસોટીઓનું સમયપત્રક* । *સમય : બપોરે ૧:૩૦*

**મૌખિક** : **તા. ૯-૧-૧૦** જવાહર નગર, પાઠશાળા, ગોરેગામ (વે) તા. ૧૦-૧-૧૦, મરીન ડ્રાઈવ - અતિચાર, અજિત શાંતિ, બે પ્રતિક્રમણના સુત્રો (ઉ. વ. ૧૫), નવકારશી સામાઈ વય જુતો, આરતી - મંગળદીવો, ૨૪ ભગવાનના નામ, ૩ સ્તુતિઓ (ઉ. વ. ૬ સુધી)

**મૌખિક** : **તા . ૧૭-૧-૧૦** મરીન ડ્રાઈવ - રત્નાકર પચીસી, અરિહંતનુ સ્વરૂપ, અરિહંત વંદનાવલી, સામાન્ય જ્ઞાન, ૨૫ આવશ્યક, ૧૭ સંડાસા, પચ્ચકખાણ તથા વિધીઓ આદી.

**વક્તૃત્વ કસોટી** : **તા. ૭-૨-૧૦** મરીન ડ્રાઈવ-વિષય સમ્યગ જ્ઞાન થી થતો આત્મવિકાસ તથા મોટા સ્તવનો (બધા માટે)

**લેખીત** : **તા. ૩૧-૧-૧૦** મરીન ડ્રાઈવ - બે/પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, કર્મગ્રંથ, સમરાદિત્ય કેવળી ચરિત્ર મહાકથા (પૂ. આ. ભદ્રગુપ્ત સુરી મ. સા. લિખિત)

**સચિત્ર નક્શા** : **(બધા માટે, કોઈ પણ ત્રણ)** (૧) ચૌદ રાજલોક (દેવલોક નારકીના નામો-આયુષ્યો જણાવવાના) (૨) અઢી દ્વિપ (૩) જંબૂ દ્વિપ (ક્ષેત્રો, પર્વતો અને નદીઓના નામો જણાવવાના) (૪) કાળચક્ર (આયુષ્ય ખોરાક ઊંચાઈ વગેરે જણાવવા.)

**મોટા સ્તવનો (મૌખિક બધા માટે)** : **તા. ૧૩-૨-૧૦** હીરસુરી પાઠશાળા,મલાડ (ઇસ્ટ), સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), શ્રી પાટણ જૈન મંડળ હોલ, મરીન ડ્રાઈવ, તા. **૧૪-૨-૧૦,** સિધ્ધાર્થ સોસાયટી, શીવ સેના ગલી, ભાયંદર (વેસ્ટ)

**મોટા સ્તવનોની આખરી સ્પર્ધા** : તા. **૨૧-૨-૧૦** શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીનડ્રાઈવ

જાXખ

# સંસ્થા સમાચાર

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## *શ્રી પાટણ જૈન ભોજનશાળા*

## *નૂતનીકરણ ઉદ્‌ઘાટન : હાર્દીક નિમંત્રણ*

પાટણ ખાતે પ્રસંગોપાત આવતા બહારગામના જાત્રાળુઓ, ઉતારૂઓ તથા પાટણ ખાતેના સ્થાનિક રહેવાસીઓને શુધ્ધ-સાત્વિક જૈન ભોજન ઉપલબ્ધ કરાવી શકાય તેવા શુભ આશયથી આજથી ૧૦૮ વર્ષ પૂર્વે શરૂ થયેલ ભોજનશાળાના નૂતનીકરણ બાદ પુનઃ આમજનતા માટે નીચેની વિગતે ખુલ્લી મુકવામાં આવશે. આ અવસરે પાટણમાં અનેક મહોલ્લાઓમાં ઉત્સવો દરમ્યાન પધારનાર આપણાં સર્વે ભાઈ-બહેનો તથા અન્ય સર્વે આમંત્રીતોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

| | |
|---|---|
| **દિનાંક :** | **રવિવાર, તા.૨૭-૧૨-૨૦૦૯** |
| **સમય :** | **બપોરના ૧૨.૧૫** |
| **સ્થળ :** | ટાંગડીયાવાડો, પીપળા શેરી<br>પાટણ (ઉ.ગુજરાત) |
| **સમારંભ પ્રમુખ :** | શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ |
| **મુખ્ય અતિથિ :** | શ્રી પ્રતાપભાઈભોગીલાલ |
| **અતિથિ વિશેષ :** | શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ<br>શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ<br>શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ |

આ પ્રસંગે મુંબઈથી વધુમાં વધુ પરિવારોએ પાટણ પધારવા હાર્દિક અનુરોધ કરવામાં આવે છે.

### ❑ પાટણના જરૂરતમંદ જૈનો માટે બાયપાસ સર્જરીવિનામૂલ્યે થઈ શકશે.

લખીયાર વાડાના શ્રીમતી હંસાબેન મનહરભાઈ શાહ પરિવારે વાસુપૂજ્ય ફાઉન્ડેશન, માટુંગાને કૌટુંબીક વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦/- પર્યત હોય તેવા જૈન વ્યકિતની બાયપાસ સર્જરી વિનામૂલ્યે કરાવી શકાય તેવા શુભ આશયે માતબર રકમની સખાવત કરી છે. આવા ઉત્કૃષ્ટ માનવતાવાદી કાર્ય માટે સંસ્થા ઉક્ત કુટુંબની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. આ યોજના અંતર્ગત લાભ લેવા ઈચ્છતા પાટણના ભાઈ-બહેનોને ડૉ. મનહરભાઈ કે. શાહ, ફોન નં. (ઘર) ૨૩૫૨૩૧૮૦ (ક્લિનીક) ૨૩૭૭૪૬૦૨ મોબાઈલ - ૯૩૨૨૨ ૩૩૨૬૬ નો સંપર્ક સાધવો વિનંતી.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા અપનાવેલ અનન્ય અભિગમ અંતર્ગત સમાજ વિકાસ ફંડમાં રૂા. ૫,૦૦,૦૦૦/- આપવાનું આ પરિવારે સુનિશ્ચિત કરેલ છે. ભવિષ્યમાં સંસ્થાને શૈક્ષણિક કે અન્ય પ્રવૃત્તિ માટે તેમના તરફથી સારી એવી મોટી રકમની સખાવત અપેક્ષિત છે.


**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ** ESTD : 1998

૧૧ વર્ષથી પાટણ પરિવાર ના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે.... ડાયરેક મીટીંગ ની વ્યવસ્થા

સ્પેશ્યલ ક્લાસ માટે ઈ મેઈલ ફેશીલીટી, **વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રીમતી અલ્પા શાહ 02502500135 - 9823218746**

સમય : 9 to 12 સાંજે 7 to 10 જા x ખ

દર અમાસે અમારો મેરેજ બ્યુરો બંધ રહેશે. email : alpashah5@yahoo.co.in


❑ સંવત ૨૦૬૬ મહાવદ ૧ શ્રી કોકા પાર્શ્વનાથજી ભગવાનની વર્ષગાંઠની ઉજવણી તા. ૨૯-૧-૨૦૧૦ થી ૩૧-૧-૨૦૧૦ દરમીયાન શ્રી નાગેશ્વરજી તીર્થમાં ઉજવવાનું નક્કી કરેલ છે.

તા. ૫-૧-૨૦૧૦ થી ૧૦-૧-૨૦૧૦ સુધીમાં ટીકીટ વિતરણ રાખવામા આવ્યુ છે. જ્યાં ટીકીટો લખાવી હોય ત્યાંથી જ ટીકીટો લઈ જવી. વધુ વિગત માટે નીચે મુજબ સંપર્ક : ભરતભાઈ લક્ષ્મીચંદ શાહ - 22946465/22816674, બીપીનભાઈ મફતલાલ શાહ - 28010338, મહેશભાઈ સોમચંદ શાહ -9820069533

❑ ભાવનગર જિલ્લા તથા તેની આસપાસ વસવાટ કરતા શારીરીક ખોડખાંપણયુક્ત બાળકોના લાભાર્થે પાલીતાણા ખાતે તા. ૨૩-૧૨-૨૦૦૯ થી ૯-૧-૨૦૧૦ દરમીયાન એક મેગા કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં કેલીપર્સ, કાંખઘોડી, વ્હીલચેર, ટ્રાયસીકલ, જયપુર ફુટ, શ્રવણયંત્રના વિતરણ દ્વારા લગભગ ૨૫૦૦૦ વિકલાંગ બાળકોને સહાયક થવામાં આવશે.

સેવાના આ મહાયજ્ઞમાં નાતજાત કે ધર્મના કોઈ ભેદભાવ વગર પુરૂષ, સ્ત્રી, નાના મોટા સહુને સહાય કરવામાં આવશે.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ઉપરોક્ત કેમ્પમા વિતરણ થનાર સાધનોનું દાન આપવા અંગે સમાજના દરેક પરિવારજનોને વિજ્ઞપ્તી પત્ર મોકલવામાં આવેલ તેના ઉત્કૃષ્ટ પ્રતિસાદ સ્વરૂપ વિવિધ ભાઈ-બહેનો દ્વારા કુલ રૂા. ૨,૨૯,૨૦૦/- ના સાધનો અંગે દાન પ્રાપ્ત થયેલ છે. તે જણાવતા હર્ષની લાગણી અનુભવાય છે.

આ કેમ્પના આયોજનમાં શ્રી પાટણ જૈન મંડળ ઉપરાંત જૈના, જૈન સંઘ સીંગાપોર, જૈન જાગૃતી સેન્ટર, જીતો, પાલનપુર સમાજ કેન્દ્ર, જૈન સંઘ આફ્રીકા, ઓલ જૈન સંઘ UK , ઓલ જૈન સંઘ USA, રામનીધી ચેરીટેબલ ટ્રસ્ટ શીશુકુંજ લંડન, શ્રીમદ રાજચંદ્ર આશ્રમ વીરાયતન, વર્લ્ડ જૈન કોન્ફેડરેશન વગેરે સંસ્થાઓ પણ સહભાગી થયેલ છે.

આ પ્રસંગે દેશ પરદેશના અગણીઓ, નેતાઓની ઉપસ્થિતી તથા સાધુ-સાધ્વી ભગવંતોના આશીષ પણ પ્રાપ્ત થશે.

### 卐 લગ્ન સંબંધી 卐

| | |
|---|---|
| **નામ** | : **રચીત ભરતભાઈ શાહ** |
| **પિતા** | : ભરતભાઈ નવીનચંદ્ર ચીમનલાલ શાહ |
| **માતા** | : વર્ષાબેન ભરતભાઈ શાહ |
| **દેખાવ** | : ઉજળો • **ઊંચાઈ :** ૫'૯'' |
| **જન્મ** | : તા. ૨૬-૫-૮૩ |
| **અભ્યાસ** | : B. Pharm & MBA (Pharma) |
| **ધંધો** | : Mfg. of Pharma |
| **મહોલ્લો** | : મન મોહનજીની શેરી ફોફળીયા વાડો |
| **ફોન નં.** | : **0265-2280023 (M) 09824343220** |
| **Email** | : infovbc@yahoo.com |
| **રહેઠાણ** | : ૧૦૪, આગમ એપાર્ટમેન્ટ, કેવલ એપાર્ટમેન્ટ ની સામે, મેહુલ જૈન સોસાયટી નજીક, સુભાનપુરા, વડોદરા - ૨૩ |

જા x ખ

## શ્રી પાટણ જૈન મંડળ

# રમત ગમત સ્પર્ધા

શ્રી પાટણ જૈન મંડળ સ્પોટર્સ સમિતિ દ્વારા ચાલુ વર્ષે T-20 ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેની પ્રથમ રાઉન્ડની મેચો ચાલી રહી છે અને તેની ફાઈનલ નીચે મુજબ રાખવામાં આવેલ છે.

***સોમવાર, તા. ૧૧-૦૧-૨૦૧૦ સમય સવારે ૯.૩૦***

***સ્થળ : કર્ણાટક અસોસીએશન ગ્રાઉન્ડ, ક્રોસ મેદાન***

## સ્વીમીંગ સ્પર્ધા

સમાજના દરેક વયના ભાઈ-બહેનો-બાળકો માટે સ્વીમીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. તેમા ભાગ લેનાર ખેલાડીઓએ પોતાનુ પૂરૂ નામ, ઉમર, સરનામુ, મોબાઈલ વગેરે અલગ કાગળ ઉપર લખી વ્યક્તિ દીઠ રૂ. ૧૦/- ની નિયત દાખલ ફી ભરી મંડળના કાર્યાલયમાં મોડામા મોડુ **તા. ૫-૧-૨૦૧૦ સુધી નોંધાવી જવા .**

***દિનાંક : રવિવાર, તા. ૧૦-૦૧-૨૦૧૦***

***સ્થળ : મફતલાલ બાથ, ચોપાટી, મુંબઈ***

***સમય : બપોરે ૧.૦૦ થી ૪.૦૦***

---

શ્રી પાટણ જૈન મંડળની સ્પોટર્સ સમિતી દ્વારા પ્રથમ જ વખત સમાજના દરેક વય જૂથના ભાઈ-બહેનો ભાગ લઈ શકે તેવા શુભઆશયથી ૫ થી ૮ વર્ષ, ૯ થી ૧૧ વર્ષ, ૧૨ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૧૮ વર્ષ, ૧૯ થી ૨૫ વર્ષ અને ૨૬ વર્ષની ઉપર એમ ગ્રુપ બનાવી ૫૦ મીટર દોડ, લીંબુચમચી, દેકડા દોડ, બોલ કલેક્ટ, ૮૦ મીટર દોડ, કોથળા કુદ, ૧૦૦ મીટર દોડ, ૪ x ૧૦૦ રીલે દોડ, લાંબો કુદકો, ૨૦૦ મીટર દોડ, ગોળાફેંક, ૪ x ૧૦૦ રીલે દોડ, એરીયાવાઈસ ગ્રુપની ૪ x ૪૦૦ રીલે દોડ ૪૦૦ મીટર ચાલવાનુ, વિસ્તાર મુજબ ૯ થી ૧૨ વ્યક્તિઓની ટીમ સાથે દોરડા ખેચ, સંગીત ખૂરશી, પુરૂષ અને સ્ત્રીઓની જુદી જુદી ત્રણ પગે પરિણીત યુગલની દોડ, પરિણીત યુગલો માટે માળા બનાવવાની વગેરે સ્પર્ધાઓ રાખવામાં આવી છે.

ઉપરોક્ત દરેક સ્પર્ધાઓમા સમાજના વધુને વધુ ભાઈ-બહેનો જોડાય અને મંડળના આ પ્રયાસને સફળ બનાવે તેવો હાર્દિક અનુરોધ કરવામાં આવે છે.

***દિનાંક : રવિવાર, તા. ૧૭-૦૧-૨૦૧૦***

***સ્થળ : યુનીવર્સીટી પેવેલીયન, મરીન ડ્રાઈવ***

***સમય : બપોરે ૧.૦૦ થી.....***

***દાખલ ફી : રૂ. ૧૦/- વ્યક્તિ દીઠ એક ગેમના***

મજકૂર સ્પર્ધાઓમા જોડાનાર દરેક વ્યક્તિએ દરેક ગેમ દીઠ રૂ. ૧૦/- ની પ્રવેશ ફી તથા પાછળના પાને આપેલ માહીતી ફોર્મ ભરીને મંડળના નીચે મુજબના કાર્યાલયોમા મોકલાવી આપી સમિતિનો ઉત્સાહ વધારશો એવો વિશ્વાસ છે.


**VACANCY**

Require Salesman / Office Staff
for Optical office at Kalbadevi
with English & Computer Knowledge.

**-: Contact :-**

**Nalin Shah**

**22005245/9821056521**

જા x ખ


# વોલીબોલ સ્પર્ધા

સમાજના યુવા વર્ગ માટે વોલીબોલ સ્પર્ધાનુ આયોજન નીચે જણાવેલ વિગતે કરવામાં આવેલ છે. જેમા આપના વિસ્તારના, આપના ગ્રુપના છ - છ સભ્યોની ટીમો બનાવી આપ પણ ભાગ લઈ શકશો. જેટલી ટીમો વધારે રમશે તેટલી સ્પર્ધા તંદુરસ્ત રહેશે તો વહેલી તકે આપની ટીમનું નામ, ખેલાડીઓના નામ, ઉમર, પાટણનો મહોલ્લો વગેરે જુદા કાગળ ઉપર લખી મોડામા મોડુ **તા. ૦૫-૦૧-૨૦૧૦** સુધીમાં રૂ.। ૬૦/- નીયત એન્ટ્રી સહ આપી જવા આગ્રહભરી વિનંતી છે.

***દિનાંક : રવિવાર, તા. ૧૭-૦૧-૨૦૧૦***

***સ્થળ : યુનવરસીટી પેવેલીયન, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦***

***સમય : સવારે ૯.૩૦ થી***

**ખાસ નોંધ - આપના ગ્રુપના અથવા વિસ્તારના સભ્યો પુરા થતા ન હોય કે આપ વ્યક્તિગત રમવાની ઇચ્છા ધરાવતા હો તો પણ મંડળના કાર્યાલયમા નામ જણાવશો.**

**શ્રી પાટણ જૈન મંડળ મુખ્યકાર્યાલય**
**૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦**
**સમય : ૧૧.૦૦ થી ૧.૩૦ • ૨.૦૦ થી ૬.૦૦**

**શ્રી પાટણ જૈન મંડળ - ગોરેગામ**
**૧૫૨, જવાહર નગર, ગ્રાઉન્ડ ફ્લોર, ગોરેગામ (વે), મુંબઈ -૬૨**
**સમય : ૧૦.૦૦ થી ૧.૦૦ • ૪.૦૦ થી ૭.૦૦**

**શ્રી પાટણ જૈન મંડળ - બોરીવલી**
**A/૨૩/૧ રતન નગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઇ), મુંબઈ -૬૮**
**સમય : ૯.૩૦ થી ૧૨.૩૦ • ૩.૩૦ થી ૬.૩૦**

❑ **સ્પોટર્સ સમિતિ**

*FOR VASTIPATRAK DETAILS*
**visit : www.patanmandal.org**

## 卐 લગ્ન સંબંધી 卐

**નામ** : **ભાવિક નરેશ શાહ**
**પિતા** : નરેશ શાંતિલાલ શાહ (વ્યવસાય)
**મોબાઈલ** : ૯૨૨૪૧૫૭૭૭૩
**માતા** : સોનલ નરેશ શાહ ❖ **મહોલ્લો :** કસુંબિયા પાડો
**જન્મ તા.** : ૨૬-૬-૧૯૮૩ ❖ **અભ્યાસ :** F.Y.B.Com
**જોબ** : નોકરી તથા વ્યવસાય
**રહેઠાણ** : બી ૦૦૨, સરસ્વતી એપાર્ટમેન્ટસ્, શક્તિ નગર ની પાછળ, દહિસર (પૂર્વ)
**ફોન નં.** : ૨૮૪૮૩૨૭૨ / ૯૨૨૦૮૦૦૦૦૧
**મોશાળ** : શરદ જંયતીલાલ સાલવી (સાલવીવાડો-પાટણ)

જા x ખ

*FOR CURRENT AND OLD PRATIBIMB*
**visit : www.patanmandal.org**

SPECIMEN FORM

# SHREE PATAN JAIN MANDAL

FORM NO. ............................

77 PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI - 400 020.

# OUTDOOR GAMES ENTRY FORM 2010

| PLAYER'S NAME | M / F |
|---|---|
| | SURNAME NAME FATHER'S NAME |
| FATHER'S FULL NAME | |
| ADDRESS & TELEPHONE / MOBILE | |
| PATAN MOHALLA | |
| BIRTH DATE | YOURS AGE AS ON DT. 31-12-2009 YEARS |

| | GROUP 'A' | GROUP 'B' | GROUP 'C' | GROUP 'D' | GROUP 'E' | GROUP 'F' |
|---|---|---|---|---|---|---|
| AGE | 5 TO 8 ☐ | 9 TO 11 ☐ | 12 TO 14 ☐ | 15 TO 18 ☐ | 19 TO 25 ☐ | 26 & ABOVE ☐ |

Please mark ☑ in Group as per your age & Game.

## GAME DETAILS - GROUPWISE

| GROUP 'A' | GROUP 'B' | GROUP 'C' | GROUP 'D' | GROUP 'E' | GROUP 'F' |
|---|---|---|---|---|---|
| 50 Mtr. Running (૫૦ મીટર દોડ) | 80 Mtr. Running (૮૦ મીટર દોડ) | 100 Mtr. Running (૧૦૦ મીટર દોડ) | 200 Mtr. Running (૨૦૦ મીટર દોડ) | 200 Mtr. Running (૨૦૦ મીટર દોડ) | 100 Mtr. Running (૧૦૦ મીટર દોડ) |
| Lemon Spoon (લીંબુ ચમચી) | Ball Collect Race (બોલ કલેક્ટ) | 100 Mtr. Under Hurdle Race (૧૦૦ મી. વિઘ્નદોડ) | Shot Put Race (ગોળા ફેંક) | 50 Mtr. Pair Couple Running Race (૫૦ મી. જોડી દોડ) | Shot Put Race (ગોળા ફેંક) |
| 25 Mtr. Frog Race (૨૫ મીટર દોડ) દેડકા દોડ | Lemon Spoon (લીંબુ ચમચી) | 4 x 100 Mtr. Relay Race (Area wise) (૪x૧૦૦મી. રીલે દોડ) | 4 x 400 Mtr. Relay Race (Area wise) (૪x૪૦૦મી. રીલે દોડ) | 4 x 100 Mtr. Relay Race (Area wise) (૪x૧૦૦મી. રીલે દોડ) | 4 x 100 Mtr. Relay Race (Area wise) (૪x૧૦૦મી. રીલે દોડ) |
| Ball Collect Race (બોલ કલેક્ટ) | Sack Jump (કોથળા કુદ દોડ) | Long Jump (લાંબો કુદકો દોડ) | Long Jump (લાંબો કુદકો દોડ) | Shot Put Race (ગોળા ફેંક) | 400 Mtr. Walking (૪૦૦ મી. ચાલવાનું) |

1) Tug War (દોરડા ખેંચ) એરીયા પ્રમાણે (૯ થી ૧૨ વ્યક્તિઓ)
2) Musical Chair (સંગીત ખુરશી) 25 to 45 Years Male / Female જુદી જુદી.
3) Three Legs Married Couple (ત્રણ પગે દોડવુ-પરિણીત યુગલ) Race 50 Mtrs. 25 Years & Above.
4) Nacklace making, (માળા બનાવવાની સ્પર્ધા) Race for Married Couple 50 Mtrs

Entry for each Game each Person **Rs. 10/-**

Total Rs. .......................................(Rupees in words .................................................................................)

Date : ................................. Player's Signature ............................................

**નોંધ : સ્પર્ધા દરમ્યાન કોઈપણ ખેલાડી ઈજાગ્રસ્ત થાય તો તે બદલ મંડળ કે સ્પોટર્સ સમિતીની કોઈપણ જવાબદારી રહેશે નહી.**

# સંસ્થા પ્રત્યેનો આપનો અભિગમ

*''આંખ ખૂલે તો ઉઠ્યા કહેવાય*
*દ્રષ્ટિ ખુલે તો જાગ્યા કહેવાય''*

આપણા પાટણના સમાજ વિકાસ ફંડ માટે દરેકે દરેક પટ્ટણીએ દ્રષ્ટિ ખોલવાની જરૂર છે. બધા સાચા દિલથી સર્મપીત થઈ ફંડ ભેગું કરવા આવીએ તો આપણું લક્ષ હાંસલ કરવામાં સફળતા મળે મળે ને મળે જ.

*''મારાજ ઘરની ચાવી મેં ખોઈ દીધી જાતે,*
*ખૂદને નથી પડી ત્યાં બીજા શું એને ગોતે''*

આત્માના અવાજથી પાટણના સમગ્ર જૈનો માટે મારે કાર્ય કરવું છે. તેવી અંતર ઇચ્છા થી શક્તી પ્રમાણે દરેકે, વર્ષોવર્ષ, લગલગાડ ઉમદા રકમ લખાવીએ, **એ આપણા બધાની ફરજ બને છે.**

આ માનવદેહ મળ્યો છે તો સર્વેની નૈતીક ફરજ બને છે કે પાટણનું દરેક જૈન કુટુમ્બ સુખમય, સરળતાથી, સમતાથી, મમતાથી પ્રગતીકારક જીંદગી જીવી શકે તે માટે સમૃદ્ધ લોકોએ **પરોપકારી બનવું જોઈએ.**

પાટણનો લબ્ધ પ્રતિષ્ઠીત સુખીવર્ગ, છેલ્લાં દસકામાં બુધ્ધીથી, નસીબથી અને કર્મયોગથી સમૃધ્ધી કરેલ વર્ગ, વટવ્યવહાર સંભાળી બહારથી દેખાતો ઉજળો વર્ગ અને સાધારણ કમાણી છતા નિયતી અને ઈજ્જતથી જીવન ગુજારતો સંતોષી વર્ગ આ બધા આપણા ભાઈઓથી પાટણની પ્રભુતા ચારે બાજુ ઉજળી લાગે છે. પણ ખરેખર શું, તે અંતર જ જાણે ?

*પાટણ જૈન મંડળના ૯૮ વર્ષમાં પ્રવેશે*
*ઈશ્વરે ઉંચાઈ તો આપી તમોને*
*મને આનંદ છે એટલો બધો કે*
*તમો એટલે પાટણ જૈન મંડળ*
*બીજાની જીંદગી ઉંચી કરોછો.*
*તમારી આ આદત અપનાવવા જેવી છે.*
*મીણબત્તી એટલા માટે કરી*
*અંધારાને પણ કોઈ સ્વજન હોય*
*જે બીજાઓનું ધ્યાન રાખે છે ખરેખર*
*એજ વ્યક્તિનું ખૂદા પણ માન રાખે છે.*

સમાજ વિકાસ માટે સૌથી પહેલો ફાળો શ્રી પાટણ જૈન મંડળના લગભગ ૩૫૦ આજીવન સભ્યોમાંથી મજબુત શરૂઆત કરી શકે તેમ છે. દર વર્ષે સારી રકમની શરૂઆત પોતાની હેશીયત પ્રમાણે, પ્રભુને પોતાની જુની હાલત યાદ કરી સ્વેચ્છાએ આપે તો કરોડો ભેગા કરી શકાય.

આમાં સ્પેશ્યલ ઉચ્ચ વર્ગે એટલે, પહેલા એમ કહેવાતું કે પાટણ માં એક સો આઠ કરોડપતી અને ૧૦૮ જૈનમંદિર છે. અત્યારે કરોડપતિઓની સંખ્યા પાટણમાં અગણીત છે. અમુક જ લોકો રેગ્યુલર દાન મંડળને આપે છે પણ બાકીના જો દિલમાં અને મનમાં નિશ્ચય કરે તો શ્રી પાટણ જૈન મંડળનૂ ધારેલો ૨૫ કરોડનો લક્ષ નજીક પહોંચી શકાય એમ નક્કિજ સમજવું.

ગયા વર્ષે શેરબાજારનો ઇન્ડેક્સ આઠ હજાર ઉતરી ગયો હતો. અત્યારે સત્તર હજારથી આગળ વધી રહ્યો છે. પાટણનો ઘણો ખરો સુખી, સમૃદ્ધ અને બુધ્ધીશાળી વર્ગ શેરબાજારમાં રસ લઈ વેપાર કરે છે. જુની નુકશાની નીકળી ફરીથી બધાના રૂપિયા અગણિત વધી રહ્યા છે. પાછો ચમકારો આમ તેમ આવે તે પહેલા પાંચથી દસ ટકા નફો સમાજ વિકાસ ફંડમાં આપી જીવતર ધન્ય કરવું જોઈએ. સાધારણ કાર્ય તો બધા કરે છે પણ આપણા પટ્ટણીઓએ અસાધારણ કાર્ય દાન કરી સમાજ વિકાસ ફંડને છલકાવી દેવું જોઈએ. તોજ આપણે અણહીલપુર પાટણના કુમારપાળ કહેવાઈએ.

*''લાગણી તમારી મળીને જીવન તરી ગયા*
*પટ્ટણીઓ તમારી ઉષ્માથી તો અમે ખીલી ગયા''*
*''સમજણથી સુખ પામીએ, કરીએ સાચા કામ*
*પાટણ જૈન મંડળને માનીએ સાચુ તીરથ ધામ''*

સુખની એકજ વ્યાખ્યા હોઈ શકે,સુખ બીજા માટે જીવવામાં છે.

❑ **શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ**


## ૨૭ માં વર્ષમાં પ્રવેશ ''વ્યાસ અને સાંડેસરા બહેરા ગૂંગાની શાળા''

**જીમખાનાની સામે, કાળકા દરવાજા બહાર, પાટણ (ઉ. ગુજરાત)**

**પાટણ પધારો, શાળાની મુલાકાત લો, સુચન આપો.**

❖ પેન લખવાની ચાલુ કરી, શાહી ઘટવાની શરૂઆત,
ગાડી ચલાવવાની શરૂ કરી, પેટ્રોલ ઘટવાની શરૂઆત,
જ્યારથી આપણે જનમ્યા, આયુષ્ય ઘટવાની શરૂઆત,
**દાન કરવાની શરૂઆત કરી, પુણ્ય વધવાની શરૂઆત**

❖ પ્રભૂ મહાવીરનો માર્ગ છે, ક્લીન અને ફાઈન,
કરો માનવતા ભર્યા કાર્ય, ધર્મકર્મની લાઈન છે ફાઈન,
**દાન માટે આ વર્ષ છે, નાઈસ અને ફાઈન**
**આપ સર્વેને શુભેચ્છા, જીવન જીવજો સુપર ફાઈન**

❖ મરૂ પણ માગુ નહિ, અપને તન કે કાજ
પરમાર્થે કે કારણ, માગત ન આવે લાજ

જા x ખ

**-: સંપર્ક માટે :-**

| | |
|---|---|
| **ચીફ એડમીનીસ્ટ્રેટર** | : **શ્રી નંટુલાલ મહેતા - પાટણ** |
| **ટેલિ નંબર** | : શાળા - 220332 । ઘર - 222943 |
| **સેક્રેટરી** | : **શ્રી દેવેન્દ્રભાઈ સંઘવી - પાટણ** |
| **ટેલિ નંબર** | : ઓફિસ - 230583 |
| **ટ્રસ્ટી** | : **શ્રી નીરંજનભાઈ વ્યાસ-કાંદીવલી** |
| **ટેલિ નંબર** | : ઘર - 28055686 । ઓફિસ - 28053289 |
| **ટ્રસ્ટી** | : શ્રી વર્ધમાન શાહ - દાદર |
| **ટેલિ નંબર** | : ઘર - 24309755 । ઓફિસ - 22814211 |
| | મોબાઈલ - 9821344338 |

❑ **સૌજન્ય : શ્રી વર્ધમાન નગીનદાસ શાહ**

# www.patanmandal.org

## WEBSITE USER GUIDE

## 1 Getting Started

You can visit the Patan Mandal portal by typing www.patanmandal.org in any browser, preferably Internet Explorer for better performance.




## 2 Browsing Information

The Patan Mandal site is organised into 8 categories:
1. Home
2. News and Events
3. About patan
4. Vastipatrak
5. Pratibimb
6. Donation
7. Other Organisation
8. About Patan Jain Mandal




Note:
You can click on each link on the top and access the respective content. The sample of the navigation bar is shown in the above figure.

## 3 Homepage

There are rich graphic banner on the homepage which displays the activities and the events held by Patan Jain Mandal. If you click on this animated banners it will display more information on the same. Currently there are banners related to:
1. Holiday Homes
2. Benevolent Activities of Mandal
3. Guidelines for Help in Medical, Education and Samaj Utkarsh
4. Online Vastipatrak Forms
5. Guidelines for Samaj Vikas Fund
and much more....

**Please Note :** The data which is uploaded on the portal is secured. No one can change your data apart from the Administrator. Very soon we will provide you with unique User Name and Password, through which you can access and modify your data.

# www.patanmandal.org

## WEBSITE USER GUIDE

### 4 Inside Pages

Currently the following pages are active:
(1) Home Page, (2) Pratibimb (3) Vastipatrak

The rest of the pages will be updated soon. We are also in the process of uploading all the data related to Patan in the About Patan section, which will include all the Derasars of Patan.

### 5 Vastipatrak

One of the key feature of the website is the Vastipatrak Section. You can now search for your family and friends with various criteria's like Name wise, Surname wise, Gender wise, Age wise, Education wise, Profession wise, Blood group wise, Country wise, State wise, City wise, Area wise, etc.

The complete details of each member of Patan Mandal will be displayed. This will be very similar to our printed Vastipatrak. The members can also print labels from the list they select and add to labels to make customized list of guest for their events.




### 6 Pratibimb

This section of the website provides you with the current issue of pratibimb and also all the archives. You can download the Pratibimb in a PDF format and read at your time.

**Site Designed and Maintained by : Ruvi Design Studio.**

**If you find any deviation in the data uploaded, then please feel free to contact Sachin (9920372703) and Rajendrabhai (9819448586)**

## વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા પાટણ ખાતે યોજાયેલ મનોરંજન કાર્યક્રમમા આપેલ વક્તવ્ય

❑ ચિ. કિંજલ મુકેશ શાહ

અરે મારા વ્હાલા દોસ્તો, તમે મને ઓળખો છો, હું કોણ છું ? હું તો તમારી **Kinjal**

આજે હું તમારી સામે ઊભી છું તે તમારા બધાની લાગણી તથા પ્રેમને લીધે અને તે પ્રેમ અને લાગણી મને મળ્યા આ સંસ્થા દ્વારા, **''શ્રી પાટણ જૈન મંડળ દિશા વિકલાંગ સમિતી''** સંસ્થા એ મને મારૂં જીવન ઘડતર કરવા ખુબ જ મદદ કરી છે. તેમના દ્વારા મે મારા જીવનમાં ઘણી પ્રગતિ સાધી છે. આજ સંસ્થા દ્વારા મારા જીવનમાં હું ઘણાજ ક્ષેત્રે આગળ વધી શકી છું અને મારા જીવનનો સર્વાંગી વિકાસ સાધી શકી છું. આ સંસ્થામાં દાખલ થવાથી મને જે mutual support મળ્યો તેના કારણે હું મારા જીવનમાં પ્રગતિના પંથે છું. મારી Physical disability છતાં પણ હું આજે કમ્પ્યુટર હોય કે ધાર્મિક ક્ષેત્રે આગળ વધી શકી છું અને પ્રગતિના પંથે આગળ વધી રહી છું અને આને જ કારણે હું આ સંસ્થાની ખુબ ખુબ જ આભારી છું અને તમે પણ આગળ વધો તે મારા અંતરની અભ્યર્થના અને છેલ્લે એટલું જ કહેવાનું

**યા હોમ કરીને પડો ફતેહ છે આગે**

## અભિનંદન

મેહુલ પરેશ શાહ ના સુપુત્ર **ચિ. શેનોયે** (ઉ. વ. ૭) ચૌધરીની શેરી તા. ૨૩-૨૫ ઓક્ટોબર '૦૯ નાં રોજ કેપટાઉન સાઉથ આફ્રીકા ખાતે યોજાયેલ ૫ મી Karate-Do Gojukai World Championships માં Bronze (કાંસ્ય ચંદ્રક) મેળવેલ છે. તે બદલ હાર્દીક અભિનંદન.

## ઓનલાઈન વસ્તીપત્રક

૧) ઓન લાઈન વસ્તીપત્રકના હજી ઘણા કુટુંબોના ફોર્મ ભરાઈ આવેલ નથી તો જલ્દી થી મોકલી આપશો.

૨) જે કુટુંબોએ ફોર્મ ભરીને આપેલ છે પણ તેમના કુટુંબીજનો કારણવસાત અલગ રહેવા ગયા હોય તેમનાં પણ ફોર્મ ભરીને જલ્દીથી મોકલી આપશો.

## શુભ વિવાહ

***સંવત ૨૦૬૬ માગસર સુદ-૧૨, રવિવાર, તા. ૨૯-૧૧-૦૯***

શ્રી પીયુષભાઈ બાલુભાઈ શાહના સુપુત્ર **ચિ. ભાવેન** (ભાભાનો પાડો)

શ્રી સતીષભાઈ ચીમનલાલ પટણીની સુપુત્રી **ચિ. દર્શીણી** (તંબોલીવાડો)

શ્રી તનવીરભાઈ રસીકલાલ પત્રાવાલાના સુપુત્ર **ચિ. કૌશિક** (ચિતારાની ખડકી)

શ્રી કાર્તિકભાઈ નવીનચંદ્ર શાહની સુપુત્રી **ચિ. ખુશ્બુ** (વાસુપુજ્યનીશેરી)

શ્રી સુરેશભાઈ ચીમનભાઈ શાહના સુપુત્ર **ચિ. મિહીર** (શીપોર)

શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહની સુપુત્રી **ચિ. કૃતિ** (તંબોલીવાડો)

***સંવત ૨૦૬૬ માગસર વદ-૧૨, શનિવાર, તા. ૧૨-૧૧ -૦૯***

શ્રી અશોકભાઈ પી. સવાનીના સુપુત્ર **ચિ. રીષી**

શ્રી ગૌતમભાઈ ભોગીલાલ શાહની સુપુત્રી **ચિ. વામા** (કોકાનો પાડો)

શ્રી અતુલકુમાર હસમુખલાલ શાહના સુપુત્ર **ચિ. ભાવીન** (પડીગુંદીનો પાડો)

શ્રી અતુલકુમાર પ્રતાપચંદ તેલીયાવાળાની સુપુત્રી **ચિ. હેતલ** (મનમોહનજીની શેરી)

## આતમ અલગારી

આતમ એ એક હતો અનેરો
અણીશુદ્ધ અલગારી અનોખો
સૌમ્ય સ્વભાવી, સ્વતંત્ર વિચારો
કર્મિષ્ઠ વક્તા સ્પષ્ટ કહેનારો

સંસારે સદા સ્વતંત્ર આધારો
વાત્સલ્યનો અસ્ખલતિ નઝારો
પરિવારના પ્રેમનો પારેવો
અવાચક મોતનો સધિયારો

સમયને સમયનો સહારો
સંબંધ બંધે રહ્યોં સથવારો
યાદોં આસપાસ, સ્નેહ અમારો
પ્રભુ સન્નિધ્યે આતમ તમારો

❑ શ્રી મહેન્દ્રભાઈ એન. શાહ


**sambhav**
comfy living

ENGINEERS & DEVELOPERS
REAL ESTATE DEVELOPERS OF
RESIDENTIAL / COMMERCIAL PROPERTIES

SAMBHAV TRADE TOURS
TRADE FAIR / LEISURE TOUR ORGANISERS

★ Trade Fair Tours
★ Incentive Tours
★ Leisure Tours
★ International / Domestic Hotel Booking
★ International / Domestic Air Ticketing
★ Visas / Overseas Mediclaim Assistance

JITEN SHAH,
FCP, International Co - ordinator,
JITO

DHARMEN SHAH

MONA SHAH

(KANASA NO PADO, PATAN)

Corporate Office: Sambhav House, Veera Desai Road, Andheri (West), Mumbai - 400 053. INDIA
Tel. No.: +91 - 022 - 26740533 Telefax: +91 - 022 - 26741589
Email: sambhavgroup@sambhav.in / sambhav@vsnl.net Website: www.sambhav.in

જા x ખ

# શ્રધ્ધાંજલિ

શ્રી પાટણ જૈન મંડળના તથા મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ, દાતા શ્રીયુત રવીન્દ્રભાઈ મોહનલાલ શાહ (ખજુરીનો પાડો) ના તા. ૭-૧૨-૨૦૦૯ ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે અવસાન થયેલ છે.

સંસ્થાના ઉત્થાન, ગતિ અને પ્રગતિમા શ્રી રવીન્દ્રભાઈનો ફાળો બહુમુલ્ય રહ્યો હતો. જીવનભર તેમણે સંબંધો બાંધ્યા, સીંચ્યા અને સાચવ્યા હતા. દુરંદેશી વિચારધારા, પ્રેમ અને વાત્સલ્ય થકી તેઓ સંસ્થાના સાથી અને સારથી બની રહ્યા હતા.

કોઈપણ સમસ્યાનો વ્યવહારિક રીતે હલ શોધવામાં તેઓ કુશાગ્ર બુદ્ધિમતાનો સાહજિક ઉપયોગ કરતા. ખરા શબ્દોમાં તેઓ ખમીર, ખુમારી અને ખાનદાનીના વાહક તથા ચાહક રહ્યા હતા. નિખાલસ અને સાલસ વ્યક્તિત્વ ધરાવતા, સંસ્થાનુ હિત અને હેત સદૈવ શ્રી રવીન્દ્રભાઈ ના હૈયે વસેલ હતા. જીવદયા તેમની મનગમતી પ્રવૃત્તિઓમાની એક હતી અને તેઓ જીવનભર તેને સમર્પિત રહ્યા હતા.

તાજેતરમાં જ તેમના પરિવારજનો- સ્નેહીજનો માટે તળાજાથી પાલીતાણા છ'રી પાલીત સંઘનું ભવ્ય આયોજન કરી ભવોભવ માટે પુણ્યાનુબંધી પુણ્યનું ભાથું બાંધી આપણી વચ્ચેથી અનંતની યાત્રાએ પ્રસ્થાન કરી ગયા .

સંસ્થાના આવા સંનિષ્ઠ કાર્યકરની સેવાઓને બિરદવવા શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતીની શોક સભા સોમવાર, તા. ૧૪-૧૨-૨૦૦૯ ના સાંજે ૬.૦૦ ક્લાકે શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ ખાતે યોજવામાં આવેલ. મંડળના પ્રમુખ શ્રી દીનેશભાઈ રસિકલાલ શાહના અધ્યક્ષપદે મળેલ આ સભામાં વિવિધ વક્તાઓએ સ્વ. શ્રી રવીન્દ્રભાઈની સેવાઓને યાદ કરી તેઓ પ્રત્યે પોતાની વ્યથાની લાગણીને વાચા આપી હતી.

મંડળના માનવંતા પ્રમુખ શ્રી જે. કે. શાહ, ટ્રસ્ટીઓ શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ, શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી અરવીંદભાઈ જીવાભાઈ, માનદમંત્રી એડમીનીસ્ટ્રેશન શ્રી રાજેન્દ્રભાઈ જંયતીલાલ શાહ, મંડળના ફાઈનાન્સ માનદમંત્રી શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી પાટણ જૈન ભોજનશાળાના ખજાનચી તથા મંડળના ફાઈનાન્સ મંત્રી શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ, શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અરવીંદભાઈ જેશીંગલાલ શાહ તથા શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ, શ્રી પાટણ પાંજરાપોળના માનદમંત્રી શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મણીયાર, શ્રી પંચાસર પાર્શ્વનાથ જૈન દહેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી જોગીવાડા શામળા પાર્શ્વનાથ દહેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ, શ્રી પંચાસર પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળના ટ્રસ્ટી શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ, મંડળની વ્યવસ્થાપક સમિતીના સભ્યો શ્રીવર્ધમાન નગીનદાસ શાહ, શ્રી જીતેન્દ્રભાઈ શાંતીલાલ શાહ, શ્રી પૃથ્વીરાજ ચંદુલાલ શાહ, શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ તથા સંસ્થાના સ્ટાફવતી શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયાએ પણ મુરબ્બી શ્રી રવીન્દ્રભાઈ સાથેના તેઓના અનુભવો વર્ણવી શ્રધ્ધા સુમન આપ્યા.

શ્રી રવીન્દ્રભાઈના જેષ્ઠ સુપુત્ર શ્રી નીખીલભાઈએ સભામાં ઉપસ્થિત વિવિધ સંસ્થાઓના પદાધિકારીઆ મંડળની વ્ય. સ. ના. સભ્યોએ તેમના પરિવાર પ્રત્યે જે ઉમદા લાગણી બતાવી તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

મંડળના પ્રમુખશ્રી દીનેશભાઈ રસીકલાલ શાહ દ્વારા મુરબ્બી શ્રી રવીન્દ્રભાઈની અનેકવિધ સેવાઓને યાદ કરી શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો અને ત્યારબાદ બે મીનીટનુ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી સભા વિસર્જીત કરવામાં આવી હતી.

શોકસભાનું સંચાલન કરતા મંડળના માનદમંત્રી એડમીનીસ્ટ્રેશન શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહે સદગ્તશ્રી દ્વારા મંડળ તથા બીજી સંસ્થાઓ સાથે સક્રિયપણે સંકળાઈ તન-મન-ધનથી આપેલ યોગદાનની અનુમોદના કરી હતી. અને છેલ્લે આદીલ મનસુરીની બે પંક્તિઓની રજુઆત કરી તેમની સ્મૃતિને ચિરંજીવ બનાવવાના પ્રયત્નો કરેલ.''

*'' ભરીલો તમે શ્વાસમાં એની સુગંધનો દરિયો*
*પછી આ માટીની ભીની અસર મળે ન મળે,*
*પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,*
*આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે..... ''*

## 卐 લગ્ન સંબંધી 卐

| | | | | |
|---|---|---|---|---|
| **નામ** | : **રવિ વિક્રમભાઈ મુલચંદ શાહ** | | | |
| **જન્મ તા.** | : 21 Dec 1981 | | | |
| **ઉંચાઈ** | : ૫'.૧૦'' | • **અભ્યાસ** | : બી. કોમ | |
| **સરનામું** | : ગોરેગામ (વેસ્ટ) | • **મહોલ્લો** | : સંઘવીનો પાડો | |
| **ધંધો** | : ફાઈનાન્સ એડવાઈઝર | | | |
| **ફોન નં.** | : **૨૮૭૩૧૮૩૯ / ૯૯૮૭૫૫૨૯૮૨** | | | જા × ખ |

## 卐 લગ્ન સંબંધી 卐

| | | | |
|---|---|---|---|
| **નામ** | : **નિધી નિતીનભાઈ શાહ** | | |
| **પિતા** | : નિતીનભાઈ જીવાચંદ શાહ | | |
| **જન્મ** | : Feb 1987 | • **અભ્યાસ** | : એમ. એ. |
| **Hight** | : 5' 7" | • **Moholla** | : Koka no Pado |
| **રહેઠાણ** | : Kandivali (West), Mumbai - 400 067 | | |
| **Cont** | : **65272131 / 9833367738** | | જા × ખ |

## લગ્ન સંબંધી

| | |
|---|---|
| **Name** | : ***Sachin Shah*** |
| **Mother/Father** | : Hemlata Priyavadan Shah |
| **Date Of Birth** | : 17-08-1981 • **Height** : 5' 7" |
| **Maholla** | : Fofalia Vado |
| **Mosal** | : Khetarvasi no Pado |
| **Qualification** | : BS, Northwestern University (IE / Econ) - USA<br>MBA, Kellogg (Currently Pursuing -USA) |
| **Occupation** | : Business Development Biotech Co.<br>Former Investment Banker |
| **Address** | : Chicago, IL (USA) |
| **Contact Info** | : India : **(022) 2352 - 1260** |
| **USA (Resi)** | : **(773) 764-7008** |
| **Cell** | : **(773) 4956004** |
| **Email** | : hshah619@gmail.com |

**AT PRESENT IN INDIA** જા × ખ

# શોક ઠરાવ

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તરીકે વર્ષો સુધી ગૌરવાંકિત સેવાઓ અર્પીને સમાજની ચાહના મેળવનાર શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહનું ૮૬ વર્ષની જૈફ વયે સોમવાર, તા.૭-૧૨-૨૦૦૯ ના રોજ અચાનક નિધન થતાં, મંડળે એક અગ્રણી કાર્યકર, દાતા તથા હિતચિંતક સ્વજન ગુમાવ્યા છે.

શ્રી રવિન્દ્રભાઈ મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૭૬ થી ચૂંટાઈ આવ્યા બાદ સને ૧૯૮૫-૮૬ થી સને ૧૯૯૩-૯૪ સુધી છાત્રાલય-બાળાશ્રમ સમિતિના માનદમંત્રી તથા સને ૧૯૮૫-૮૬ થી સને ૧૯૯૧-૯૨ સુધી વિદ્યાર્થીગૃહ સમિતિના માનદમંત્રી પદે રહી સંસ્થાના વિકાસમાં સક્રિયપણે સહયોગ આપી વિદ્યાર્થીઓમાં વાત્સલ્ય, સપ્રેમ સંસ્કારોનું સિંચન કર્યુ હતું. મંડળની વ્યવસ્થાપક સમિતિમાં તન-મન-ધનથી સતત ચોત્રીસ વર્ષ સુધી રહીને દીર્ઘકાલીન અનન્ય સેવા અર્પી હતી.

શ્રી પાટણ જૈન મંડળ, ઉપરાંત શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, શ્રી પાટણ પાંજરાપોળ, શ્રી પાટણ જૈન ભોજનશાળા, શ્રી વર્ધમાન તપ આયંબીલ સંસ્થા, શ્રી પંચાસરા અને શ્રી જોગીવાડા શામળાજી દહેરાસર ટ્રસ્ટ તેમજ અન્ય સંસ્થાઓ સાથે વર્ષો સુધી સક્રિયપણે સંકળાઈ ધર્મ અને કર્મને તેઓશ્રીએ જીવનમાં સદાય અગ્રસ્થાન આપ્યું હતું. જીવદયા તેમની નસેનસમાં વહેતી હતી. જમણો હાથ આપે અને ડાબા હાથને ખબર પણ ન પડે એવા અનેક ગુપ્તદાન તેઓશ્રીએ કરેલ હતા. સમગ્ર સમાજને શ્રી રવિન્દ્રભાઈ 'વસુધૈવ કુટુમ્બમ્'ની દૃષ્ટિએ નિહાળતા.

મંડળ પ્રત્યે ઉમદા લાગણી અને સદ્‌ભાવ ધરાવનાર, સમાજના આવા નિષ્ઠાવાન કાર્યદક્ષ અગ્રેસરના દેહવિલયથી, સંસ્થાને લાંબા સમય સુધી ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓશ્રીની અમૂલ્ય સેવાઓને ભાવભરી અંજલિ અર્પી, તેમના ચિરઃ વિયોગ પ્રત્યે આજની સભા ઉંડો શોક પ્રદર્શિત કરે છે.

વિશાળ પરિવારજનો પર આવી પડેલ આપત્તિમાં સંવેદનાની લાગણી વ્યક્ત કરી, સદ્‌ગતશ્રીના આત્માને ચિરઃ શાંતિ મળે તેવી શાસનદેવને પ્રાર્થના.

ઓમ શાંતિઃ

લિ. (દિનેશ રસિકલાલ શાહ)

મુંબઈ, તા. ૧૪-૧૨-૨૦૦૯ -પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ

## પૂજ્યપાદ ગુરૂદેવ શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબનું

## પાટણ જૈન સમાજને અનન્ય યોગદાન

સંઘવી પાડાની તાડપત્રીઓનો સમગ્ર ભંડાર હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિરને ભેટ અપાવ્યો.

સને ૧૯૮૯ માં ચારૂપ ચાર્તુમાસ કરીને પાટણ ખાતેના ભંડારની તમામ તાડપત્રીય-પ્રતો અને કેટલાંક પસંદગીની કાગળની હસ્ત લિખીત પ્રતોની ફોટો-કોપીઓ કરાવી આપી.

પાટણ ખાતેના ભંડારની સમગ્ર ૨૦૬૦૦ હસ્તપ્રતોનું સંપૂર્ણ સૂચી-પત્ર પ્રસિધ્ધ કરાવ્યું.

કલીકાલ સર્વજ્ઞ. શ્રી હેમચંદ્રાચાર્ય રચિત સિધ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણની લઘુવૃતિ - બૃહદ વૃતિ - રહસ્યવૃતિની ૧૮ પ્રાચીન તાડપત્રોનું સંશોધન કરી તેનું ઐતિહાસીક પ્રકાશન કર્યુ અને તેના પ્રકાશક તરીકે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર-પાટણને વિશ્વમા વિરલ સ્થાન અપાવ્યુ.

પાટણના ગ્રંથભંડારોને, પ્રાચ્ય વિદ્યા મંદિર-વડોદરા, ડભોઈ ભંડાર, કોડાય ભંડાર, ભંડારકર ઇન્સ્ટીસ્ટુટ જેવા વિવિધ જ્ઞાન ભંડારોની હસ્તપ્રતોની ફોટો કોપી પ્રાપ્ત કરાવીને સમૃધ્ધ બનાવ્યું.

પાટણ ભંડારની અનેક હસ્તપ્રતોનું સંશોધન - સંપાદન કર્યુ અને લગભગ દરેક આગમો, ઉતરાધ્યન સુત્ર, અનુયોગ દ્વાર, ધર્મબિંદુ પ્રવેશ ઉપદેશમાળા, વિગેરે સુવિખ્યાત ગ્રંથોનું સંપાદન કરી પ્રસિધ્ધ કર્યા.

ભાભાના પાડા તથા ખેતરવસી ખાતેના જ્ઞાન ભંડાર સહીત પાટણના જ્ઞાન ભંડારના લગભગ ૨૫૦૦૦ ગ્રંથોનું ફેબ્રુઆરી થી જુન' ૦૯ દરમીયાન અસહ્ય ગરમીમા પણ પાટણ ખાતે સ્થિરતા કરી ઐતિહાસિક સ્નેકીંગ કાર્ય પૂર્ણ કર્યુ.

તેઓના જીવન દરમ્યાન વિશ્વભરના અનેક ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાનો-સ્કોલર્સ ને સુચીપત્રના આધારે તેમજ પ્રત્યક્ષ પરીચય થી પાટણના જ્ઞાન ભંડારથી સુમાહિતગાર કર્યા. તેમજ અનેક વિદ્વાનોને પાટણ ખાતેના જ્ઞાન ભંડારના ગ્રંથોનુ સંપાદન - સંશોધન કરવા પ્રેરણા આપી પ્રોત્સાહીત કર્યા, માર્ગદર્શન આપ્યુ અને વિશ્વભરમાં જૈન તત્વજ્ઞાનને પ્રોત્સાહીત કરવા માટે અનન્ય યોગદાન આપ્યુ હતુ.

એક તાડપત્ર સહીતની ૩ અસલ હસ્તપ્રતો જે તેમને ભેટમાં પ્રાપ્ત જ્ઞાન થયેલ તે મે'૨૦૦૯ મા પાટણ ખાતેના જ્ઞાન મંદિરને ભેટમાં આપી.

તા. ૭-૫-૨૦૦૯ ના પાટણ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવરસીટીના ઉપક્રમે યોજાયેલ હેમચંદ્રાચ-ાર્ય સમારોહમાં તેમણે પોતાની નિશ્રા આપી સદ્‌ભાગી બનાવ્યા. તેમજ તેમણે આપેલ પ્રવચનની વિશ્વભરના વિધ્વાનોએ નોંધ લીધી.


LIC Agent, IPO
Mahalaxmi Matano Pado
All Mutual Funds, Agent

Tel. : 2898 2102
Cell : 98212 83404
92247 75558

**Deepak A. Shah** (B.Com)

INVESTMENT CONSULTANT

Trading of Shares, RBI Relief Bond, Co.'s Deposits, & Postal Schemes

203, Vishal No. 2, Opp. Soni Wadi, Off Shimpoli Road, Borivali (W), Mumbai - 400 092.

જા X ખ

An Unique Collection of Antique - Jadutar -Diamond and Gold Jewellery



**SURESH JEWELLERS**

(ULKA & SURESH JHAVERI)

Samrat Comp. Choice Gully,

Off. C. G. Road, Ahmedabad

Phone : 079 - 26465864 - 26408800



જા X ખ

# મમતાનો મહાસાગર

સમતાનો મહાસાગર એટલે પરમાત્મા અને મમતાનો મહાસાગર એટલે મા. સમુદ્રતટ પર ફરનારને શંખ, છીપકે કોડી પ્રાપ્ત થાય છે પણ માની ગોદમાં તો મમતાનો મહાસાગર મળે છે. આથી જ કોઈ કવિએ ખરે જ કહ્યું છે કે, ''જનની ની જોડ જગે નહિ મળે રે લોલ''. જેમકે મરૂદેવા માતાજી પુત્ર વિયોગે રડી રડીને આંખોના નૂર ગુમાવે છે. અરે ત્રિશલામાતાજી ગર્ભમાં હલનચલન બંધ થતા આકુળવ્યાકુળ થઈ જાય છે. આવો છે પરમ પૂજ્ય માનો પોતાના શિશુ પ્રત્યેનો પ્રેમ-તેના પ્રેમમાં કાયમ વસંતજ ખીલી હોય છે. પાનખર તો કદાપિ આવતી જ નથી. દુઃખમાં પણ 'મા' યાદ આવે અને દર્દમાં પણ હોઠ પર પહેલો શબ્દ 'મા' જ આવે છે. માની લાગણીનું એક બિંદુ પણ સાગરના બિંદુથી મોટું છે. માના સાગરમાં લાગણીના જ મોજા ઉછળતા હોય છે. માના પ્રેમમાં કરૂણા સહાનુભૂતિ, ક્ષમા જ હોય છે. કહેવાય છે કે જગતમાં બધાનું ઋણ ચુકવી શકાય પણ માતાનું ઋણ ચૂકવી શકાતું નથી. દુઃખ સમયે, આપત્તિમાં, સ્નેહી, સ્વજનો, મિત્રો પૂઠ ફેરવી લે પણ મા અડીખમ દિવાલ બની તેના સ્નેહભર્યા હુંફાળા બોલથી પોતાના સંતાનનું દુઃખ હળવું કરી દે છે. જીવનમાં યૌવન ચાલ્યુ જાય, નારીનો પ્રેમ ઓસરી જાય, મિત્રપ્રેમ દગો દે પણ માનો પ્રેમ તો અવિચલજ રહે છે. જરાયે ડગતો નથી. આથી જ તેના પ્રેમની કિંમત અમૂલ્ય જ છે. જીંદગીનું મોઘું ઔષધ 'મા' છે. દરેક વ્યક્તિ જન્મથી મહાન નથી હોતી પણ તેની પાછળ પોતાનું સમર્પણ, પ્રેરણા અને સમયના ભોગ આપનાર માતા જ છે. તેને મહાન બનાવવામાં અગત્યનો પાઠ ભજવે છે. જેમકે શિવાજી-જીજામાતા. જીવન ભૂલેલા અરણિક મુનિને સાચે પંથે વાળનાર તેમની માતાજી હતી. સો શિક્ષિકોની ગરજ સારે છે એક માતા તે યર્થાથ જ છે. માતા જ સંતાન માટે કેળવણીની નિશાળ છે. મા એટલે જીવનમંદિર કેરો દિવડો. મા વિનાનું ઘર એટલે ધબકારા વગરનું હૃદય. મા વિનાનો સંસાર સૂનો-નીરસ લાગે છે. એટલે જ કહેવાય છે કે મા તે મા બીજા વગડાનાવા. માના પ્રેમમાં ભરતી જ હોય છે ક્યારે ય પણ ઓટ આવતી નથી. ભગવાનને ભજવાથી મા નથી મળતી પણ માને સંતુષ્ટ રાખીએ તો જરૂર ભગવાન મળે છે. મા બાળકોની સંસ્કાર મૂર્તિ છે. ધનની સલામતી જેમ તીજોરી છે તેમ માનો ખોળો બાળક માટે સલામતીની જગ્યા છે. આમ માતાને કેટકેટલાય વિશેષણોથી શણગારીએ તો પણ તેની મૂલ્યતા ઓછી જ છે.

**પ્રણામ માતાજી, લાખ લાખ વંદન તારા ચરણોમા....**

❑ **શ્રીમતી ઉર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**

## Shree Patan Jain Mandal Education Seminar

Seminar of it's kind is being organised for the first time for the people of our community. We request all the professionals from our community along with our managing committee members to attend this seminar in large numbers. The speaker is extremely experienced in his field of expertise which is Equity Market. Somehow or the other our community is also linked with Stock Market and hence to have the depth of this subject is very essential It is an earnest appeal to all my community members to please come and take this real time opportunity in understanding Financial Management. Students doing Post Graduation in Field of Commerce and Finance related fields are also welcome.

***DATE : Saturday - 30th January 2010***
***TIME : 5pm onwards***
***VENUE : Shri Patan Jain Mandal Sabhagruha, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai - 400 020.***

**: SPEAKER :**

**SHRI SUNIL SINGHANIA**

Fund Manager of

**RELIANCE CAPITAL ASSET MANAGEMENT**

**-: SUBJECT :-**

**"PERSONAL WEALTH GROWTH OPPORTUNITIES"**

❑ **Education Committee**

**શ્રદ્ધાંજલિ** : સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુઃખમાં સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિ:રશાંતિ અર્પે એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | સેવંતીલાલ ભોગીલાલ શાહ | ૯૫ | U.S.A. | ૧૨-૧૦-૨૦૦૯ | આસો વદ-૯ |
| વિશાશ્રીમાળી | ભાભાનો પાડો | જયંતિલાલ ચીમનલાલ શાહ | ૮૦ | મુંબઈ | ૧૯-૧૧-૨૦૦૯ | માગસર સુદ-૩ |
| વિશાશ્રીમાળી | મણીયાતીપાડો | સરસ્વતીબેન ચંપકલાલ નગરશેઠ👁 | ૭૯ | મુંબઈ | ૨૪-૧૧-૨૦૦૯ | માગસર સુદ-૭ |
| વિશાશ્રીમાળી | ખેતરવસી (મહાદેવજીની શેરી) | કેશરબેન ચંદુલાલ શાહ | ૯૧ | મુંબઈ | ૦૧-૧૨-૨૦૦૯ | માગસર સુદ-૧૪ |
| વિશાશ્રીમાળી | શાંતીનાથની પોળ | તારાબેન હસમુખલાલ શાહ | ૮૩ | મુંબઈ | ૦૨-૧૨-૨૦૦૯ | માગસર સુદ-૧૫ |
| વિશાશ્રીમાળી | લખીયારવાડો | મુકેશભાઈ ચીનુભાઈ શાહ👁 | ૫૯ | મુંબઈ | ૦૫-૧૨-૨૦૦૯ | માગસર વદ-૪ |
| ઓસવાળ જૈન | ઢંઢેરવાડો | શર્મીષ્ઠાબેન રમેશચંદ્ર શાહ | ૭૮ | મુંબઈ | ૦૬-૧૨-૨૦૦૯ | માગસર વદ-૫ |
| વિશાશ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | જસવંતીબેન જયંતીલાલ શાહ | ૯૧ | મુંબઈ | ૦૬-૧૨-૨૦૦૯ | માગસર વદ-૫ |
| દશાશ્રીમાળી | ખજુરીનો પાડો | રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ👁 | ૮૬ | મુંબઈ | ૦૭-૧૨-૨૦૦૯ | માગસર વદ-૬ |

👁 ચક્ષુદાન કરેલ છે.

**યુવાનીમાં રક્તદાન • મૃત્યુબાદ ચક્ષુદાન • ત્વચાદાન • અંગદાન • દેહદાન • કરો અને કરાવો**

## સાભાર સ્વીકાર

**મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વૈચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.**

### સમાજ વિકાસ ફંડ
૩,૧૧,૦૦૦/- શ્રી પ્રવિણભાઈ વ્રજલાલ શાહ (મંત્રી) (કનાસાનો પાડો)
હ. શ્રી વિરેશભાઈ પ્રવિણભાઈ શાહ
૨,૧૧,૦૦૦/- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ (કપુર મહેતાનો પાડો)

### સમાજ વિકાસ ભેટ
૨૫,૦૦૦/- જે. કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો)

### શ્રી અલ્કેશ ભદ્રકુમાર મેમોરીયલ ટ્રસ્ટ વિકલાંગ ઉત્કર્ષ ફંડ
૨૫,૦૦૦/- શ્રીમતી પ્રમીલાબેન ભદ્રકુમાર શાહના ઉપધાન તપ નિમિત્તે (ખેતરપાળનો પાડો)

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ
૫,૦૦૦/- શ્રી જીતેન્દ્રભાઈ ચંદુલાલ શાહ (લીમડીનો પાડો)
ચિ. હેતાના લગ્ન ચિ. પારસ સુર્યકાંતભાઈ હઠીસીંગ દોશી સાથે થયાની ખુશાલીમાં
૩,૫૦૦/- શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ (ખેતરવસીની પાડો)
૨,૫૦૧/- શ્રી સતીષભાઈ ચીમનલાલ પટણી (તંબોલીવાડો)
ચિ. દર્શીણીના લગ્ન ની ખુશાલીમાં
૧,૦૦૧/- શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ (ખેતરવસી)
પાટણ ખાતે વિકલાંગ બાળકોની રજુઆતથી પ્રોત્સાહીત થતા.
૧,૦૦૦/- ડૉ. રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ (લખીયારવાડો)
૧,૦૦૦/- શ્રી કનાસા કલ્યાણ કેન્દ્ર

### વૃધ્ધજન સહાય ભેટ
૧,૧૧૧/- શ્રી મણીલાલ ગભરૂચંદ શાહ (મણીયાતી પાડો)
હ. શ્રી પ્રફુલ્લભાઈ મણીલાલ શાહ

### શ્રી ભો. દો. સા. વિદ્યાલય ભેટ
૨,૫૦૦/- શ્રી મહેન્દ્રભાઈ ચંપકલાલ શાહ
શાળાના આર્થિક રીતે જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય માટે (બ્રાહ્મણવાડો)

### આર્થિક સહાય ભેટ
૧,૦૦૧/- શ્રીમતી રેણુકાબેન ગીરીશભાઈ શાહ (ઝવેરીવાડો)
ઉપધાન તપ નિમિત્તે

### લગ્ન પ્રસંગે ભેટ
૧,૦૦૧/- શ્રી અતુલભાઈ પ્રતાપચંદ શાહ (તેલીયાવાળા)
(મનમોહનજીની શેરી)ચિ. હેતલના લગ્ન નિમીત્તે

### શિક્ષણ સહાય ભેટ
૧,૦૦૦/- શ્રી પ્રવિણભાઈ નવિનચંદ્ર શાહ પરિવાર (મલ્લાતનો પાડો)
ચિ. મિહીર નવિનચંદ્ર શાહ તથા શ્રીમતી કારિકાબેન મિહીરભાઈ શાહના જન્મદિન નિમિત્તે

### શ્રી હેલ્થકેર સાધન ભેટ
૫,૧૦૦/- શ્રી શર્મિષ્ઠાબેન શેઠ
૩,૨૦૦/- શ્રી વીણાબેન મલકાની
૨,૦૦૦/- શ્રી લીનાબેન બિપીનભાઈ દલાલ
૧,૦૦૦/- શ્રી ઇન્દ્રપ્રભા શ્રીજી મહારાજ સાહેબ

*REPORT ON MEETING PRIOR TO COMMENCING CENTENARY CELEBRATION*
**visit : www.patanmandal.org**

*ONLINE VASTIPATRAK FORM AVAILABLE ON*
**visit : www.patanmandal.org**


## ''દાન કરવાથી જીવન લેખે લાગે.''
## ''દાદર કબૂતરખાના''

**શાંતીનાથ દેરાસરની સામે, દાદર (વેસ્ટ), મુંબઈ - ૨૮ (રજી. નં. 6936)**

સૂરજના પહેલા કિરણની શરૂઆતથી, સંધ્યાના આગમન સુધી કબૂતરને સતત ચણ નાખવામાં આવે છે.

જીવદયા માટે નમ્ર વિનંતી, હજી સુધી આપે ચેક લખી મોકલ્યો ન હોય તો ''દાદર કબૂતરખાના'' ના નામનો લખી ૨૦૧૦ ના નવા વર્ષની શુભ શરૂઆત કરી શકો છો.

એક ગુણીના **રૂા. ૬૦૦/-** એક દિવસની તિથિના **રૂા. ૬૦૦૦/-** ચેક કાયમી તિથીના **રૂા. ૫૧૦૦૦/-** ઇચ્છા મુજબની કોઈ પણ રકમ

**સંપર્ક : શ્રી વર્ધમાન નગીનદાસ શાહ, ૪૦૧ મહેતા સદન, ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ ૪૦૦૦૨૮**

**ફોન : 24309755 - 24363398 - 9821344338**

k દયા કેટલી કરીને, દાન કેટલુ કર્યું જરા સરવાળો માંડજો. આખરે તો લાકડાને છાણા, રે જરા સરવાળો માંડજો.

k ભગવાન ફક્ત કૃષ્ણ, મહાવીર, રામ, ઇસુ કે અલ્લાહ રૂપે જ નથી મળતા.

આપણા કરેલા સત્કાર્યો, સદવચનો, શુભકામનાઓ કે આપણે કરેલી જીવદયામાં પણ પરમાત્માની છાયા જોવા મળે છે.

પાટણના મહોલ્લાના ઉત્સવ દરમ્યાન ટ્રસ્ટીઓને વિનંતી કે, જીવદયા માટેના આવેલા રૂપિયામાંથી દાદર કબૂતરખાનામાં બને તેટલી રકમ મોકલવા નમ્ર વિનંતી અને અરજ છે. આભાર.

જા x ખ

❑ **સૌજન્ય : શ્રીવર્ધમાન નગીનદાસ શાહ**

સુસંસ્કૃત સમાજના સન્નિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ, સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય.

### શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

### એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

## મુખ્યદાતા

બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, ખજુરીનો પાડો
બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજુરીનો પાડો
બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજુરીનો પાડો
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રી મફતલાલ ચુડધર ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, ડંક મહેતાનો પાડો
શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હ. શ્રી જીતેનભાઈ, કનાસાનો પાડો
શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ,
હ. શ્રી પૂર્વાબેન શ્રેણીકભાઈ, લખીયારવાડો
શ્રી શાંતિલાલ રિખવચંદ શાહ, કોકાનો પાડો
શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા, હ. શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડો
શ્રી નવીનચંદ્ર ખુબચંદ શાહ, ઢંઢેરવાડો
શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હ. શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
શ્રીમતી જીનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે,
હ. શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
શ્રી પ્રવિણચંદ્ર વૃજલાલ શાહ (મંત્રી),
હ. શ્રી વિરેશ પ્રવિણચંદ શાહ, કનાસાનો પાડો
શ્રી હેમંતભાઈ કાંતીલાલ સાલવી, સાલવીવાડો

## આધારસ્તંભદાતા

શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોધરીની શેરી
શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાળા), વાસુપૂજ્યની શેરી
શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), ખેતરવસી
શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ, સ્વ. શ્રી ગીતાબેનના સ્મરણાર્થે, ચોપાટી
બાબુ અમીચંદજી પનાલાલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ખેતરવસી
શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી, ડંક મહેતાનો પાડો
શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ, કસુંબીયાવાડો
શ્રીમતી મહાસુખલાલ કેશવલાલ શાહ, હસ્તે શ્રી. પંકજભાઈ,
શ્રી રોહીતભાઈ, શ્રી ભરતભાઈ, (મારફતીયા મહેતાનો પાડો)
શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, મનમોહનજીની શેરી

## સહાયકદાતા

શ્રી જે.કે. શાહ, ભાભાનો પાડો
શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી, કોબે-જાપાન
શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ, કેશુશેઠનો પાડો
શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના સ્મરણાર્થે, પોળનીશેરી
ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
શ્રી મણીલાલ સરૂપચંદ શાહ (દેવડાવાળા) પરિવાર, લીમડીનો પાડો
શ્રી રમેશભાઈ સનાલાલ શાહ, મલ્લાતનો પાડો
શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ, ખેતરવસી
શ્રી મોહનલાલ હીરાચંદ શાહના સ્મરણાર્થ,
હ. શ્રી દિપકભાઈ, મહાલક્ષ્મીમાતાનો પાડો

| સમાજ વિકાસ ફંડ વાર્ષિક રકમ | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |

## શ્રી પાટણ જૈન મંડળ
## મેડીકલ સેમીનાર

''સુખી સમાજ - સ્વસ્થ સમાજના'' સુત્રને સાર્થક કરવાના શુભ આશયથી.મંડળની મેડીકલ સમિતિ દ્વારા સમાજના ભાઈ-બહેનો માટે મેડીકલ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

*દિનાંક : રવિવાર, તા. ૧૦-૦૧-૨૦૧૦*
*સમય : સવારે ૧૦. ૦૦*
*સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ,*
*૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,*
*મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦ ૦૨૦.*
*વિષય : આર્થરાઈટીસ*
*વક્તા : ડૉ. અરૂણભાઈ મુલ્લા*

આ સેમીનારમાં આર્થરાઈટીસ થયા પૂર્વેની સંભાળ તથા થયા બાદના ઉપચાર અંગેની વિસ્તૃત માહીતી 'સ્લાઈડ શો' દ્વારા આપવામાં આવશે. આ અંગેની વધુ વિગતો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**નોંધ : અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

❑ મેડીકલ સમિતિ

***Publisher & Printer :*** **SHREE PATAN JAIN MANDAL,** ***Printed at :*** **RAJESH PRINTERY,** 115, Pragati Industrial Estate, 316, N.M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Bhavin Gandhi : ☎ 23012496 / 9867540524. ***Published by :*** Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai - 400 020. ***Editor :*** **BHARTIBEN BHAGUBHAI SHAH.**